પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૫/૧૦/૨૦૨૩, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ આસો સુદ-૧૧ વર્ષ : ૧૫ અંક : ૨૬૨

**સુવિચાર**

વ્યકિત ધારે તો સમયનો સંપૂર્ણ ઉપયોગ કરી પોતાની પ્રગતિ સાધી શકે છે. સમયની કિંમત સમજો અને "અમૂલ્ય સમયને વેડફી ન નાખો."

:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭




## બપોરનાં સમયે અચાનક આગ લાગતાં ફાયર ટીમ દોડી

# આગ હી આગ : લાલાવદર નજીક એક ફેકટરીમાં વિકરાળ આગ લાગી

**'જાપ એનર્જી સોલ્યુશન' નામની ફોફી તથા બાયોકોલની ફેક્ટરીમાં લાગી આગ**

**અમરેલીનાં ફાયર કંટ્રોલરૂમને જાણ કરતાં ફાયર અધિકારી એમ.સી. ગઢવીની રાહબરી નીચે ટીમ પહોંચી**

**૧૨ હજાર લીટર પાણીથી ભરેલ બે વોટર બાઉઝરની મદદથી આગ પર લગાતાર પાણીનો મારો ચલાવાયો**

**સદ્નસીબે આગની ઘટનામાં જાનહાની ન થઈ જો કે ફેક્ટરીને વ્યાપક નુકસાન થયાનું જાણવા મળેલ છે**



અમરેલી, તા. ૨૪

અમરેલી તાલુકાના લાલાવદર ગામથી લીલીયા ગામ તરફ લગભગ બે કિલોમીટરના અંતરે આવેલ 'જાપ એનર્જી સોલ્યુશન' નામની ફોફી તથા બાયોકોલની ફેક્ટરી આવેલી છે. તેમાં અચાનક આજે બપોરના સાડા ત્રણ વાગ્યાના સમયે આગ લાગવાની ઘટના બનેલ હતી. જે અંગે અમરેલી ફાયર કંટ્રોલરૂમને ટેલીફોનિક જાણ કરવામાં આવતા ફાયર ઓફિસર એચ.સી. ગઢવીની રાહબરી નીચે વાયરલેસ ઓફિસર એચ.પી. સરતેજા તથા ફાયર ટીમ તુરંત ઘટના સ્થળે પહોંચી અને લગભગ સતત બે કલાકની અથાગ મહેનતથી તથા ૧૨૦૦૦ લિટરના બે વોટર બાઉઝર દ્વારા લગાતાર પાણીનો મારો ચલાવી અને આગ પર સંપૂર્ણ કાબુ મેળવેલ હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાની થવા પામેલ ના હતી. આ કામગીરી કરનાર ફાયર સ્ટાફ હિંમતભાઈ બાંભણિયા, આનંદભાઈ જાની, પ્રવીણભાઈ ચૌહાણ, કરનદાન ગઢવી, સાગરભાઈ પુરોહિત, ભુરીયા જગદીશભાઈ, કૃષ્ણભાઈ ઓળકિયા, સિધ્ધરાજસિંહ ગોહિલ, ધવલભાઈ ચાવડા વગેરેઓએ કામગીરી કરી હતી.

## બગસરા : નવા વાઘણીયા ગામે દવાથી કંટાળી આધેડે ગળાફાંસો ખાઈ લેતા મોત

**૬ વર્ષથી હૃદયહોગની દવા લેવાથી કંટાળી ગયા**

અમરેલી, તા. ૨૪


બગસરા તાલુકાનાં નવા વાઘણીયા ગામે રહેતા અને મજૂરી કામ કરતાં રતીભાઈ નાગજીભાઈ રાવરાણી નાનાં ૫૩ વર્ષિય આધેડને છ વર્ષ પહેલા હૃદયરોગનો હુમલો આવી જતાં તેઓ તે બીમારીની દવા લેતા હતા. પરંતુ તેઓ દવા ખાવાથી કંટાળી જતાં પોતે પોતાની મેળે જામફળીનાં ઝાડની ડાળી સાથે દોરડુ બાંધી ગળાફાંસો ખાઈ લેતા તેમનું મોત નિપજયાનું બગસરા પોલીસમાં જાહેર થવા પામેલ છે.




## ધારીનાં દુધાળા નજીકની ઘટના

# ટ્રેક્ટર અને ડબલ સવારી બાઈક વચ્ચે અકસ્માત સર્જાતા પિતાની નજર સામે પુત્રનું મોત

**દશેરાનાં તહેવારની ખરીદી કરી પરત ફરતા હતા**



અમરેલી, તા. ૨૪

ધારી તાલુકાના દુધાળા ગામે રહેતા જીતેશભાઈ ટપુભાઈ વરાણીયા નામના ૪૫ વર્ષિય આધેડ ગઈકાલે પોતાના દીકરા ભાવેશભાઈ (ઉ.વ. ૨૫) સાથે ધારી ગામે દશેરાની ખરીદી કરવા આવેલા હતા અને બંને

**અનુસંધાન પાના ૬ ઉપર**









## રખડતા પશુઓ, બિસ્માર માર્ગો, આરોગ્ય અને શિક્ષણની કથળતી હાલત વચ્ચે

# મોંઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચાર અને હવે હાર્ટ એટેકે ઉપાધિ વધારી

**પાલિકાથી લઈને પાર્લામેન્ટ સુધીનાં સત્તાધીશો વિકાસની ગુલબાંગો ફેંકવામાં વ્યસ્ત રહ્યા અને બીજી તરફ સમસ્યાઓનો પહાડ ઉભો થઈ ગયો**

**જનતા જનાર્દનને મોટાભાગનો મીડિયા સમૂહ સરહદ, આંતરરાષ્ટ્રીય સ્તરે અને ચાંદ–સુરજ ઘુમાવતો રહ્યો અને દેશમાં સમસ્યા વધી ગઈ**

**જાતિવાદ અને ધાર્મિકતાનો નશો ચડાવીને દેશની વર્તમાનની સમસ્યાને ભુલાવી દેવાનો પ્રયાસ હજુ પણ યથાવત**

**વિશ્વની સૌથી વધુ જનસંખ્યા ધરાવતાં દેશમાં શાસકોની એક સામાન્ય ભૂલ પણ કરોડો પરિવારોની હાલત બગાડી દે છે**

અમરેલી, તા. ૨૪

દેશમાં છેલ્લા એક દાયકામાં મોંઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચાર, રખડતા પશુઓ, બિસ્માર માર્ગો, કથળતી જતી આરોગ્ય અને શિક્ષણલક્ષી સેવાઓ, જ્ઞાતિ–જાતિ વચ્ચે સંઘર્ષ, અમીર અને ગરીબ વર્ગ વચ્ચે વધતું અંતર જેવી સમસ્યાઓ વચ્ચે સગીરવયથી લઈને પ્રૌઢ વયનાં વ્યકિતને અચનાક આવતાં હાર્ટ એટેકે સૌની ચિંતામાં વધારો કરી દીધો છે.

પાલિકાથી પાર્લામેન્ટ સુધીનાં શાસકો જનતા જનાર્દનને પાયાની સમસ્યા મીડિયાનાં માધ્યમથી ભુલાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. "ચાંદામામાનું ઘર કેટલે તો કહે કે સામે દિવો બળે એટલે" તેવું કહીને જનતા જનાર્દનને આજની સમસ્યાથી મુકત કરીને ૧૦, ૨૦ કે ૩૦ વર્ષ પછી ભારત દેશ કેટલો વિકસિત હશે તેના સપના બતાવવામાં આવી રહ્યા છે.

નોટબંધી, જીએસટી, લોકડાઉન, પુનઃ નોટબંધી જેવા અવ્યવહારૂ નિર્ણયને દેશનાં હિતમાં બતાવવા માટે મીડિયા જગતે પણ વધારે પડતો ઉત્સાહ દર્શાવ્યો અને જનતાને દિવસ–રાત સરહદ, આંત્તરરાષ્ટ્રીય સમસ્યા, ચાંદ, મંગળ, સુર્ય પર ફેરવવામાં પણ મીડિયા જગતે મહત્વની ભૂમિકા ભજવી, જનતાને દેશની અંદર અને બહારનાં દુશ્મનોનો કાલ્પનિક ભય બતાવીને ભ્રમિત કરવામાં પણ મીડિયા જગતે શાસકોનાં આશીર્વાદ મેળવ્યો.

અંતે "સત્યમેવ જયતે" કહેવતની જેમ દેશવાનીઓને હવે વિકાસનો નશો ઉતરવા લાગ્યો કે સમસ્યા વધી રહી છે. હવે જાગૃત નહી બનીએ તો પરેશાની વધશે. ખેર જાગ્યા ત્યાંથી સવાર ગણીને હવે દેશવાસીઓ તેમની વિવિધ સમસ્યાઓ જાણવા માટે પ્રમાણીક મીડિયા જગતને પ્રોત્સાહન આપી રહ્યા છે અને એક દાયકાથી જનતાને ગુમરાહ કરનાર મોટાભાગનાં મીડિયા જગતને હવે સમજાઈ રહ્યું છે કે જનતાને લાંબો સમય મૂર્ખ બનાવી શકાય તેમ નથી. હવે મીડિયા જગત પણ ધીમે ધીમે દેશની કડવી વાસ્તવિકતા દર્શાવવા ક્રમશઃ મજબૂર બનતું જોવા મળી રહ્યું છે.

## માહિતી અધિકાર અધિનિયમનો ઉલાળીયો કરતા

# ખાંભા ગામ પંચાયતના તલાટી મંત્રીને રૂપિયા ૫ હજારનો દંડ ફટકારવામાં આવ્યો

**માહિતી અધિકાર અધિનિયમનો ઉલાળીયો કરતા કર્મચારીઓમાં ફફડાટ**

ખાંભા, તા. ૨૪

ખાંભાના જાગૃત નાગરિકે વર્ષ ૨૦૨૨માં ખાંભા ગ્રામ પંચાયતમાં ગ્રાન્ટ અને કામ બાબતે માહિતી માંગતા જાહેર માહિતી અધિકારી ગ્રામ પંચાયત ખાંભા દ્વારા નિયમ મુજબ માહિતી ન આપી કાયદાનો ઉલાળીયો કરતા અરજદારે પ્રથમ અપીલ અધિકારી તાલુકા પંચાયત ખાંભા ટીડીઓને અપીલ કરતાં તેઓએ તલાટી મંત્રીને માહિતી પૂરી પાડવા હુકમ કરેલ તે માહિતી આપવાનો હુકમનો પણ ઉલાળીયો કરતા અરજદાર એ માહિતી આયોગમાં અપીલ કરતાં માહિતી અધિકારી દ્વારા વીડિયો કોન્ફરન્સની સુનાવણી હાથ ધરવામાં આવેલ સુનાવણીમાં અરજદાર તથા જાહેર માહિતી અધિકારી ગ્રામ પંચાયત ખાંભા કેશુભાઈ મોભ તથા પ્રથમ અપીલ અધિકારી ખાંભા તાલુકા વિકાસ અધિકારી હાજર રહેલ સુનાવણીમાં બંને પક્ષ અને પ્રથમ અપીલ અધિકારીને સાંભળી માહિતી આયોગ કમિશનરે તલાટી મંત્રી કેશુભાઈ મોભને રૂપિયા ૫,૦૦૦નો દંડ ફટકારી સ્વભંડોળ અથવા તેમના પગારમાંથી દંડની રકમ જમા કરવા આદેશ કરતા માહિતી અધિકાર કાયદાનો ઉલાળીયો કરનાર અધિકારી કર્મચારીમાં ફાફડાટ વ્યાપી જવા પામેલ હતો.

## કારમી મોંઘવારી વચ્ચે આર્થિક સંકડામણે ચિંતા વધારી

# હાય રે બેરોજગારી : જાફરાબાદનાં આધેડવયનાં વ્યકિતએ કોઈ કામ મળતું ન હોય એસિડ પીધુ

**મૃતકનાં પત્ની અપંગ હોય અરેરાટીનો માહોલ**

અમરેલી, તા. ૨૪

જાફરાબાદ ગામે પાણીનાં ટાંકા પાસે રહેતા નારણભાઈ બચુભાઈ બારૈયા નામનાં ૪૫ વર્ષિય આધેડને સરખુ કામ મળતું ન હોય તેમજ તેમના પત્ની પણ અપંગ હોય. આર્થિક પરિસ્થિતિ નબળી હોય, આર્થિક પરિસ્થિતિથી કંટાળી જઈ પોતે પોતાની મેળે એસીડ પી જતાં તેમનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું.

## રાજુલા નજીક આવેલ

# વડલી ગામે વાહન ધીમે ચલાવવાનું કહેતા યુવાન ઉપર કાર ચડાવી દેવાની કોશિષ

**યુવકનાં બાઈક વચ્ચે ફોર વ્હીલ પણ આડે રાખી દીધી**

અમરેલી, તા. ૨૪

રાજુલા તાલુકાનાં બર્બટાણા ગામે રહેતા અને ખેતીકામ કરતાં હનુભાઈ બદરૂભાઈ ભુકણ નામનાં યુવકે રાજુલા તાલુકાનાં ચારોડીયા ગામે રહેતા હરેશભાઈ લખુભાઈ ધાખડાને વડલી ગામે પોતાની ફોરવ્હીલ તથા બુલેટ મોટર સાયકલને ધીમે ચલાવવાનું કહેતા અને તે બાબતે સમજાવતા આરોપી હરેશભાઈ ધાખડાને સારૂ નહી લાગતા આરોપીએ પોતાના હવાલાવાળી ફોરવ્હીલ યુવક તથા અન્ય લોકો ઉપર મારી નાખવાના ઈરાદે ચડાવી દેવાની કોશિષ કરી હતી. આ ઉપરાંત યુવકનાં મોટર સાયકલ આડે પણ પોતાની ફોરવ્હીલ રાખી અને યુવક ઉપર છરી વડે હુમલો કરી હત્યા કરવાનો પ્રયાસ કર્યાની ફરિયાદ રાજુલા પોલીસમાં નોંધાઈ છે.

## નિર્દોષ ભૂલકાઓને શુદ્ધ પીવાનું પાણી આપવામાં પણ બેદરકારી

# ઉનાની એ.આર. ભટ્ટ સંચાલિત પ્રાથમિક શાળાના કેમ્પસમાં પીવાના પાણીનું ફિલ્ટર મશીન શોભાના ગાંઠીયા સમાન

**પાણીની ટાંકી આસપાસની ગંદકી પણ બાળકો માટે જોખમરૂપ**



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૨૪

ઉનાના વેરાવળ રોડ પર આવેલ એ.આર. ભટ્ટ સંચાલિત આનંદ ગુજરાતી પ્રાથમિક શાળાના કેમ્પસ અને પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ભૂલકાઓ માટે પીવાના પાણીની સુવિધામાં અનેક સમસ્યા હોય તેમ ફિલ્ટર મશીન માત્ર દેખાવ પૂરતું રાખ્યું હોય તેમ મહિનાઓથી બંધ હાલતમાં જોવા મળે છે અને પીવાનું પાણી જે માંથી બાળકો પીવે છે તે સિમેન્ટની ટાંકી અને નાંદ આસપાસ રખડતા કુતરા આંટા મારતા જોવા મળે છે અને પાણીના પરબ નીચે ઢોળાતા પાણીથી ગંદકીના ગંજ પકડાયા હોવા છતાં સંચાલકો સાફ–સફાઈ કરતા નથી.

એક તરફ કેન્દ્ર સરકાર દ્વારા સ્વચ્છતા અભિયાનથી દેશને જાગૃત કરી સ્વચ્છતા અભિયાન ચલાવી દેશભરના ગામોમાંથી ગંદકી કચરો દૂર કરે છે ત્યારે સ્વચ્છતાના પાઠ શીખવાની પાઠશાળામાં જ પીવાના પાણીના પરબ આસપાસ ગંદકીના ગંજ ખડકાયા હોય ત્યારે બાળકો શું જ્ઞાન લેતા હશે તે ત્રણ મણનો તોતિંગ સવાલ ઊભો થાય છે.

શાળા સંચાલકો અને શિક્ષક સ્ટાફ તથા કર્મચારીઓ ઘરેથી સ્વચ્છ પાણી લાવતા હોય તેમજ સ્ટાફને અને સંચાલકોને પીવાના પાણીની સુવિધા અલગ હોય તેવા સંજોગોમાં વિદ્યાર્થીઓ બાળકો અને ભૂલકાઓના આરોગ્ય ઉપર જોખમ ઊભું થયું હોય જવાબદાર એવા જિલ્લા આરોગ્ય અધિકારી અને કેળવણી નિરીક્ષક તા.પં. ઉના દ્વારા તપાસ કરવામાં આવે અને સ્થળ ચકાસણી કરી પાણીના નમુના લઈ લેબોરેટરી કરાવે તેમજ કસૂરવાર જણાયે શાળા સંચાલકો અને જવાબદાર સ્ટાફ સામે દંડનાત્મક કાર્યવાહી કરે તેવું વિદ્યાર્થીઓ અને વાલીઓ ઈચ્છી રહ્યા છે.

## વાહન ચાલકોનો ભારે મુશ્કેલીથી છુટકારો થયો

# રાધેશ્યામ હોટલથી ગાવડકા ચોકડી સુધીના બિસ્માર રોડને રીપેરીંગ કરાવતા તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનીષ ભંડેરી


**દિવાળીના દિવસોમાં માર્ગની મરામતથી હાશકારો**

અમરેલી, તા. ૨૪

રાધેશ્યામ હોટલથી ગાવડકા ચોકડી સુધીના નેશનલ હાઈ–વે ૩૫૧ નંબરના રોડની હાલત છેલ્લા ઘણા સમયથી અત્યંત બિસ્માર હતી.જેના લીધે વાહન ચાલકોને વાહન ચલાવવામાં પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો અને અવાર નવાર અકસ્માતો પણ સર્જાતા હતા.ખરાબ રોડને કારણે આમ જનતાને વાહનોનું મેન્ટેનન્સ પણ વધુ આવતું હતું.લોકોની સમસ્યાઓને ધ્યાનમાં લઈ અમરેલી તાલુકા કોગ્રેસ પ્રમુખ મનીષ ભંડેરીએ માર્ગ અને મકાન વિભાગ નેશનલ હાઈ–વેના કાર્યપાલક ઈજનેરને રજૂઆત કરતા કાર્યપાલક ઈજનેરે એક અઠવાડિયામાં રોડની મરામત કરવાની ખાતરી આપેલ હતી જેના અનુસંધાને માત્ર ચાર દિવસના ટૂંકા સમય ગાળામાં જ આ રોડમાં મરામત કરીને લોકોને પડતી સમસ્યાઓનું નિરાકરણ લાવી આપેલ છે જે બદલ તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનીષ ભંડેરીએ વહીવટી તંત્રનો આભાર વ્યકત કર્યો છે.

# રાજુલામાં એગ્રો એસોસિએશન દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો









રાજુલા તાલુકાના એગ્રો એસોસિએશન દ્વારા પ્રમુખ તરીકે હિંમતભાઈ હડિયા સહિતના સભ્યોની નિમણુંક થતા ઈમરજન્સી સમયે સરળતાથી લોકોને બ્લડ મળી રહે તેવા ઉમદા હેતુ સાથે દશેરા પર્વે નિમિતે આહીર સમાજની વાડી રાજુલા ખાતે પ્રથમ ભવ્ય મેગા બ્લડ ડોનેશન કેમ્પનુ આયોજન કરવામા આવ્યું હતું. જેમા મોટી સંખ્યામા લોકોએ સ્વૈચ્છાએ રક્તદાન કરી ૧ ૩૯ યુનિટ બ્લડ કલેકટ કરેલ તેમજ સ્થળ પરજ લોકોના આરોગ્યની ચકાસણી કરી આયુષ્માન કાર્ડ કાઢી આપવામા આવેલ. એગ્રો એસોસિએશન રાજુલા દ્વારા રમેશભાઈ કાથરોટીયા, ડો. પીપલીયા, ડો. નારોલા, મયંકભાઈ ચૌહાણ, ડો. વાઘમશી ડો. હિતેષ હડિયા, વિનુભાઈ આહિર, ડો. વાળા અને ડો. બાંભણીયા સહિતના આમંત્રીત મહેમાનોઓનુ શાલ અને પુષ્પગુચ્છ આપી સન્માન કરાયુ હતુ તેમજ હાજર લોકો દ્વારા વિજયાદશમીના શુભ અવસરે રક્તદાન કરીને માનવ સમાજ સેવા રૂપી કર્તવ્ય નિભાવતા બ્લડની ટોટલ ૧ ૩૯ બોટલ એકત્રિત કરેલ જે નવકાર ચેરીટેબલ બ્લડ બેન્ક મહુવાને સમર્પિત કરી સમાજ સેવામા અનેરૂ યોગદાન આપેલ. જેમા બ્લડ ડોનેટ કરનાર વ્યક્તિને એગ્રો એસોસિએશન દ્વારા ભેટ સ્વરૂપે ઘડીયાળ આપી પ્રોત્સાહિત કરવામા આવેલ. લોકોના આરોગ્યને વરદાનરૂપ આયુષ્માન એપ્લિકેશન દ્વારા આયુષ્માન કાર્ડ,હેલ્થ આઈ.ડી. કાર્ડ, બીપી અને ડાયાબિટીસના નિદાનની કામગીરી જીજ્ઞાસા વણજર, મિતલ કલસરીયા, ધવલ વાણીયા અને વિપુલ કલસરીયા દ્વારા કરી લોકોમા આરોગ્ય પ્રત્યે જાગૃતિ લાવવા માટેના પ્રયત્નો કરવામા આવેલ તેમજ નજીકના આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરતા સરળતાથી આયુષ્માન કાર્ડ નીકળી શકશે તેવુ તાલુકા હેલ્થ ઓફિસર ડો. એન.વી. કલસરીયા દ્વારા જણાવેલ. સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે રાજુલા તાલુકાના એગ્રો એસોસિએશનના પ્રમુખ હિંમતભાઈ હડિયા, ઉપપ્રમુખ આતાભાઈ વણજર અને નારણભાઈ સોલંકી,મંત્રી વિનુભાઈ સોજીત્રા અને ખજાનચી પ્રેમજીભાઈ હડિયા સહિત એગ્રોના વેપારીઓ, અગ્રણીઓ અને યુવાનોદ્વારા ભારે જહેમત ઉઠાવેલ તેમજ ભોજન, ઘડિયાળ અને અન્ય જરૂરી વસ્તુઓના દાતાઓ દ્વારા સહભાગી થઈ બ્લડ ડોનેશન કેમ્પને સફળ બનાવ્યો હતો જે યાદીમા જણાવેલ છે.

## પદાધિકારીઓ અને અધિકારીઓ મહત્વનું કાર્ય ભૂલી ગયા લાગે છે

# અમરેલીનું આધુનિક બસપોર્ટ ઉદ્‌ઘાટનની રાહ જુએ છે

છેલ્લા પાંચ વર્ષથી બનતુ બસપોર્ટ દિવાળી પહેલા શરૂ કરવામાં આવે તો મુસાફરોને રાહત મળે

ગોકળગાયને પણ શરમ આવે તેવી ગતિએથી કામ તો થયું પણ હવે શરૂ થવામાં વિલંબ થાય છે

હંગામી બસ સ્ટેન્ડમાં છેલ્લા પાંચ વર્ષથી મુસાફરો ધુળ અને અન્ય સમસ્યાથી ત્રાહીમામ થઈ રહ્યા છે

હવે જોઈએ કે અમરેલીનાં કયાં પદાધિકારી મુસાફરની ચિંતા કરીને બસપોર્ટ શરૂ કરે છે



અમરેલી, તા. ૨૪

અમરેલીનાં મુસાફરવર્ગ માટે કરોડો રૂપિયાનાં ખર્ચે બનીને તૈયાર થયેલ આધુનિક બસપોર્ટ ઘણા સમયથી ઉદઘાટનની રાહમાં હોય એક પણ પદાધિકારી કે અધિકારીને બસપોર્ટ શરૂ કરવાની ઉતાવળ નથી અને બગલમાં આવેલ હંગામી બસ સ્ટેન્ડમાં મુસાફરો પાંચ વર્ષથી ધુળ ની ડમરીઓ, ગંદકી સહિતની અનેક સમસ્યાઓથી કંટાળી ગયા હોય તેમાંથી ઝડપથી છુટકારો મળતો નથી.

અમરેલીમાં આજથી પાંચ વર્ષ પહેલા જુના બસ સ્ટેન્ડને જમીનદોસ્ત કરીને તેજ સ્થળે જનતા જનાર્દનનાં કરોડો રૂપિયાનાં ખર્ચે આધુનિક બસ સ્ટેન્ડ બનાવવાનું શરૂ થયું અને લગભગ ૩ વર્ષમાં તેને બનાવીને કાર્યરત કરવાનું હતું. પરંતુ બસ પોર્ટનું કાર્ય ગોકળ ગાયને પણ શરમ આવે તેવી ગતિથી થયું અને અંતે પાંચ વર્ષે લગભગ કામ પૂર્ણ થયું તો હવે કોઈ અધિકારી કે પદાધિકારીને તેનો પ્રારંભ કરવાની ઉતાવળ ન હોય તેવું લાગી રહ્યું છે.

દિવાળીનાં તહેવારો આવી રહ્યા હોય અમરેલીનાં કયાં જનપ્રતિનિધિ બસ પોર્ટનો પ્રારંભ કરાવે છે તેના પર મુસાફરવર્ગની નજર મંડાયેલી છે.


તક ને તેડા ના હોય...
૫ વસ્તુનો બાથરૂમ સેટ
■ડોલ (૨૫ લી.) ■પાટલો ■ ટમ્બલર
■સોપ હોલ્ડર ■ બ્રસ હોલ્ડર
માત્ર રૂા. ૩૫૦/-માં
નવા વર્ષના પંચાગ આવી ગયેલ છે.
છુટક તથા હોલસેલ મેળવવા માટે સંપર્ક કરો
ગજાનન ન્યુઝ એજન્સી
રાજકમલ ચોક, નગરપાલીકા નીચે ફોન :૨૨૦૦૦૬


## જમીનનાં દબાણકર્તાઓને પોલીસની જમીન હોય તો શું ફર્ક પડે

# લ્યો બોલો : બાબરાનાં મોટા દેવળીયા ગામે પોલીસ ચોકી માટે ફાળવેલ જગ્યામાં પણ દબાણ કરી દેવાયું

### પોલીસ વિભાગે વાયર ફેન્સીંગ કરેલ તેને પણ દબાણકર્તાએ તોડી નાખ્યા

અમરેલી, તા. ૨૪

બાબરા તાલુકાનાં મોટા દેવળીયા ગામે પોલીસ ધ્વારા આઉટ પોસ્ટ માટે મકાન તથા કચેરી બનાવવા માટે ગામતળની જમીનમાં સરકાર ધ્વારા પ્લોટ નં. ૨૩, ૨૪, ૩૧, ૩૨ ફાળવેલ હોય. આ જમીન ફરતે તારફેન્સીંગ તથા લોખંડના તાર બાંધવામાં આવ્યા હતા. તે વાયર ફેન્સીંગને તેજ ગામે રહેતા આરોપી દુદાભાઈ ભાયાભાઈ બોદરીયા તથા રામભાઈ દુદાભાઈ બોદરીયાએ કાપી નાખી રૂા. ૫૦૦નું નુકસાન કર્યાની ફરિયાદ બાબરા પોલીસમાં નોંધાઈ છે.

## વર્લ્ડ કપમાં ૧૭ સિક્સર સાથે રોહિત ટોચ પર

નવી દિલ્હી, તા.૨૪

વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં અત્યાર સુધી ચાર બેટ્સમેનોએ ૧૦ કે તેથી વધુ છગ્ગા ફટકાર્યા છે. ભારતીય ક્રિકેટ ટીમનો કેપ્ટન રોહિત શર્મા તેમાં સૌથી આગળ છે. રોહિત શર્માએ વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં અત્યાર સુધી ૧૭ છગ્ગા ફટકાર્યા છે. તે વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩ની સૌથી વધુ છગ્ગા ફટકારનાર ખેલાડીઓની લિસ્ટમાં ટોપ પર છે. આ લિસ્ટમાં બીજો નામ શ્રીલંકાના ખેલાડી કુસલ મેંડિસનો છે.શ્રીલંકાના વિસ્ફોટક બેટ્સમેન કુસલ મેંડિસે વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં અત્યાર સુધી ૧૪ છગ્ગા ફટકાર્યા છે. કુસલ મેંડિસ ૪ મેચમાં ૧૪ છગ્ગા ફટકારી આ લિસ્ટમાં બીજા નંબરે છે. સૌથી વધુ છગ્ગા ફટકારનાર ખેલાડીઓની લિસ્ટમાં ન્યુઝીલેન્ડનો બેટ્સમેન ડેરલ મિચેલ ત્રીજા નંબરે છે. ડેરલ મિચેલે વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં અત્યાર સુધી ૧૧ છગ્ગા ફટકાર્યા છે. ઓસ્ટ્રેલિયા ટીમનો ઓપનિંગ બેટ્સમેન ડેવિડ વોર્નર પણ આ લિસ્ટમાં સામેલ છે. વોર્નરે અત્યાર સુધી ૧૦ છગ્ગા ફટકાર્યા છે.


ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

■ કાર ■ બાઈક ■ ટ્રેકટર ■ ટ્રક ■ બસ
ટાયર-ટ્યુબ, ઓઈલ-ગ્રીસ, વ્હીલ-પ્લેટ-ધરા, જેક-ફીલ્ટર, ટુલ્સના હોલસેલ તેમજ રીટેઈલ
સંજય ટાયર્સ બસ સ્ટેશન રોડ, અમરેલી.
સંજય ટ્રેડ લીંક ટોયોટા શો-રૂમ પાસે, લાઠી બાયપાસ રોડ, અમરેલી.

હવે સાંભળશે અમરેલી... અને બોલશે પણ અમરેલી...
☛ કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
☛ બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
☛ જર્મની, ડેન્માર્ક ની કંપનીના આધુનિક મશીન
☛ જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
કાનના મશીન
બોલવાની તકલીફ ? સ્પીચ થેરાપી ઉપલબ્ધ
તોતડાપણું, હકલાવુ, ઓટીઝમ, મંદબુદ્ધિ, નાકમાંથી બોલવું..
અવતાર સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

આવતા તહેવારોના શુભ અવસરે વસાવો
BAJAJ
''માઈલેજનો મહારથી'' ટુ-વ્હીલર
CT 110 Platina 100
સર્વશ્રેષ્ઠ માઈલેજ 85* Per Liter
ન્યુનતમ મેન્ટેનન્સ
વૃંદા ઓટો (બજાજ)
ગોપી સિનેમા સામે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૩૮૩૧ ૩૯૩૩૩

''શ્રી વલ્લભ'' Navnit
MARUTI SUZUKI ARENA
મારૂતિ સુઝુકી શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
EECO
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

YAMAHA RACING
॥ વંદે માતરમ્ ॥
યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઈક
NOW WITH CONNECT
135kg
Side Stand Engine cut-off Switch
Light Weight
3D Emblem
Durable 149cc fuel Injection Engine
Two-level Single Piece Seat
* - ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

HONDA The Power of Dreams
સપના કરશે સાકાર...
Shine 100cc
કિંમત રૂા. 64,900/-* થી શરૂ
સૌથી સસ્તુ બાઈક
સાથે ISI માર્કાવાળુ ફ્રી હેલ્મેટ તદ્દન મફત
3+3 years Warranty
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૬૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જોઇએ છે
અમરેલી એક્સપ્રેસ કાર્યાલય માટે નીચેની જગ્યા માટે નિમણુંક કરવાની હોય ઇચ્છુક વ્યકિતઓએ સંપર્ક કરવો.
કોમ્પ્યુટર ઓપરેટર......................૪
CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઇપીંગનાં અનુભવી
ઓફિસબોય................................૧
ઓફિસનાં પરચુરણ કામકાજ માટે
રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨

Hero
Go BIG Go XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

એકદમ ક્રિસ્પી ખાજલી
મોહનથાળ
ગુલાબ જાંબુ
ટોપરાપાક
લાડુ
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મનીષભાઇ :મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨

### રાજ્યમાં હાર્ટએટેકના બનાવોમાં ચિંતાજનક વધારો

# રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં હાર્ટ એટેકથી વધુ સાત લોકોનાં મોત

### રાજકોટમાં જ છેલ્લા ૧૨ કલાકમાં એક શિક્ષક સહિત ત્રણ લોકોના હૃદય થંભી જવાથી મોત થયાં હોવાનું પ્રકાશમાં આવ્યું

અમદાવાદ,તા.૨૪

ગુજરાતમાં હાર્ટ એટેકના કિસ્સાઓમાં ચિંતાજનક વધારો થયો છે. યુવાનોમાં આ પ્રકારના કિસ્સાઓ વધારે પ્રમાણમાં સામે આવી રહ્યાં છે. ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં હાર્ટ એટેકના કારણે રાજ્યમાં ૭થી વધુ લોકોના મોત થયાં છે. રાજકોટમાં જ છેલ્લા ૧૨ કલાકમાં એક શિક્ષક સહિત ત્રણ લોકોના હૃદય થંભી જવાથી મોત થયાં હોવાનું પ્રકાશમાં આવ્યું છે. આ પ્રકારના મોતની ઘટનાઓને લઈને તબીબોમાં પણ ચિંતાઓ વધી છે. રાજકોટ, અમદાવાદ, સુરત અને મહેસાણામાં હાર્ટ એટેકના કારણે થયેલા મોતના કિસ્સા સામે આવ્યાં છે. છેલ્લા ૧૦ દિવસમાં ૨૦થી વધુ લોકોના હાર્ટ એટેકથી મોત થયાં હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે રાજકોટમાં છેલ્લા ૧૨ કલાકમાં ૨૪ વર્ષના રણજીત યાદવ, ૪૦ વર્ષીય આશિષ અકબરી અને ૪૩ વર્ષના દિપક વેકરિયાનું મૃત્યુ નિપજ્યું હતું. જ્યારે સુરતમાં મુકેશ ગામીત નામનો યુવક ગઈકાલે રાત્ર ગરબા રમી રહ્યો હતો આ દરમિયાન તેને અચાનક છાતીમાં દુખાવો થતાં તે ઢળી પડ્યો હતો. જેતપુરમાં ખજુરી ગુંદાળામાં રહેતા ૨૨ વર્ષીય કિશન મકવાણા નામના યુવકને છાતીમાં દુખાવો ઉપડ્યો હતો. તેને સારવાર મળે તે પહેલા જ તેનું મોત નિપજ્યું હતું. અમદાવાદ શહેર કોંગ્રેસના સોશિયલ મીડિયા વિભાગના મંત્રી ૩૬ વર્ષીય વિશાલ સોલંકીનું હાર્ટ એટેકથી અવસાન થયું છે. મહેસાણાના વિજાપુરના ખરોડ ગામે હાર્ટ એટેકથી ૬૫ વર્ષીય વ્યક્તિનું મૃત્યુ થયું છે.

આ વર્ષે નવરાત્રી દરમિયાન ગત વર્ષ કરતા વધુ ઈમરજન્સી કેસ નોંધાયા હતા. ૧૦૮ ઈમરજન્સી સેવા દ્વારા જે દર વર્ષે એનાલિસિસ કરવામાં આવે છે. તે પ્રમાણે આ વર્ષે ગત વર્ષની સરખામણીએ ગુજરાતમાં ૧૦ ટકા થી વધારે કેસ નોંધવામાં આવ્યા છે.જ્યારે અમદાવાદમાં ૧૮%થી વધુ કેસ નોંધાયા છે. ઈમરજન્સી કેસમાં શ્વાસ રોગ, હૃદય રોગ અને અકસ્માતના કેસ સૌથી વધુ નોંધાયા હતા છે. તેમાં પણ રાજ્યમાં હૃદયને લગતા કેસમાં ગત વર્ષની સરખામણીએ ૪૬ ટકા કેસમાં વધારો નોધાયો છે. ૨૨ ઓક્ટોમ્બર એટલે રવિવારના રોજ ૨૪ કલાકમાં હાર્ટ એટેકના કારણે ૧૩થી ૬૨ વર્ષની વય ધરાવતા ૧૨ લોકોથી વધુના મોત નીપજ્યાં હતા. જેમાં વડોદરામાં ૧૩ વર્ષના બાળક સહિત ૨, જામનગરમાં ત્રણ, રાજકોટમાં ત્રણ, અમદાવાદમાં એક, સુરતમાં બે તો કપડવંજમાં એક સગીરનું હાર્ટ એટેકના કારણે મોત થયા હતાં.

### વર્લ્ડ કપ ૨૦૨૩માં અત્યાર સુધી ચાર બેટરની ૧૦થી વધુ સિક્સર

# વર્લ્ડ કપમાં ૧૭ સિક્સર સાથે રોહિત ટોચ પર

### કુસલ મેંડિસ ૪ મેચમાં ૧૪ છગ્ગા ફટકારી આ લિસ્ટમાં બીજા નંબરે છે

નવી દિલ્હી,તા.૨૪

વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં અત્યાર સુધી ચાર બેટ્સમેનોએ ૧૦ કે તેથી વધુ છગ્ગા ફટકાર્યા છે. ભારતીય ક્રિકેટ ટીમનો કેપ્ટન રોહિત શર્મા તેમાં સૌથી આગળ છે. રોહિત શર્માએ વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં અત્યાર સુધી ૧૭ છગ્ગા ફટકાર્યા છે. તે વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩ની સૌથી વધુ છગ્ગા ફટકારનાર ખેલાડીઓની લિસ્ટમાં ટોપ પર છે. આ લિસ્ટમાં બીજો નામ શ્રીલંકાના ખેલાડી કુસલ મેંડિસનો છે.શ્રીલંકાના વિસ્ફોટક બેટ્સમેન કુસલ મેંડિસે વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં અત્યાર સુધી ૧૪ છગ્ગા ફટકાર્યા છે. કુસલ મેંડિસ ૪ મેચમાં ૧૪ છગ્ગા ફટકારી આ લિસ્ટમાં બીજા નંબરે છે. સૌથી વધુ છગ્ગા ફટકારનાર ખેલાડીઓની લિસ્ટમાં ન્યુઝીલેન્ડનો બેટ્સમેન ડેરલ મિચેલ ત્રીજા નંબરે છે. ડેરલ મિચેલે વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં અત્યાર સુધી ૧૧ છગ્ગા ફટકાર્યા છે. ઓસ્ટ્રેલિયા ટીમનો ઓપનિંગ બેટ્સમેન ડેવિડ વોર્નર પણ આ લિસ્ટમાં સામેલ છે. વોર્નરે અત્યાર સુધી ૧૦ છગ્ગા ફટકાર્યા છે. આ ઉપરાંત ઓસ્ટ્રેલિયન ટીમનો જ બીજો એક ખેલાડી મિચેલ માર્શ પણ આ લિસ્ટમાં સામેલ છે. માર્શે વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩માં અત્યાર સુધી ૯ છગ્ગા ફટકાર્યા છે. તે આ લિસ્ટમાં પાંચમા નંબરે છે.

### કેન્દ્રીય કર્મચારીઓ બાદ હવે રેલ કર્મચારીઓને લાભ

# દશેરા પર રેલ કર્મીઓને દિવાળી, મોંઘવારી ભથ્થામાં ચાર ટકાનો વધારો

### આ જાહેરાત સાથે જ રેલવે કર્મચારીઓનું મોંઘવારી ભથ્થુ મૂળ પગારના ૪૬ ટકા સુધી વધી જશે

નવી દિલ્હી, તા.૨૪

કેન્દ્ર સરકારે છ દિવસ પહેલા જ કેન્દ્રિય કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૪ ટકાનો વધારો કર્યો હતો ત્યારે હવે આજે દશેરાના પર્વે જ રેલવે બોર્ડે પોતાના કર્મચારીઓને મોંઘવારી ભથ્થામાં ચાર ટકાનો વધારો કરવાની જાહેરાત કરી છે.

આ જાહેરાત સાથે જ રેલવે કર્મચારીઓનું મોંઘવારી ભથ્થુ મૂળ પગારના ૪૬ ટકા સુધી વધી જશે. પહેલા કર્મચારીઓને મૂળ પગારના ૪૨ ટકા જ ડીએ મળતું હતું. આ વધારો ૧ જુલાઈ ૨૦૨૩થી જ અમલમાં આવશે અને કર્મચારીઓને બાકીના પગારમાં વધારાનો ડીએ મળશે. ઉલ્લેખનીય છે કે કેન્દ્રીય કેબિનેટે કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનરોના ડીએમાં ચાર ટકાનો વધારો કરવાની જાહેરાતના છ દિવસ બાદ રેલવે બોર્ડે આ જાહેરાત કરી છે. આ ઉપરાંત કેન્દ્ર સરકારે તેના કર્મચારીઓને બોનસ આપવાની પણ જાહેરાત કરી હતી.

રેલવે કર્મચારી યુનિયનોઓને દશેરાના પર્વે અને દિવાળીના તહેવાર પહેલા કરેલી આ જાહેરાતને આવકારી છે. ઓલ ઈન્ડિયા રેલવેમેન ફેડરેશનના મહાસચિવ શિવ ગોપાલ મિશ્રાએ કહ્યું કે ડીએ કર્મચારીઓનો અધિકાર છે, તે જુલાઈથી મળવાનો હતો. જો કે દિવાળી પહેલા તેની ચૂકવણીની જાહેરાત કરવાના નિર્ણયને અમે આવકારીએ છીએ.

ભારતીય રેલવે અને ઉત્પાદન એકમોના જનરલ મેનેજર અને ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસરોને મોકલવામાં આવેલ એક સંદેશામાં કહેવામાં આવ્યું છે કે રેલવે બોર્ડના અધ્યક્ષ આ નિર્ણય લેતા ખુશ છે કે રેલ્વે કર્મચારીઓને મોંઘવારી ભથ્થું ૪૬ ટકા કરવામાં આવ્યો છે.

### ફ્રોઝન અને પેકેજડ ફૂડનું ચલણ વધ્યું છે

# ફ્રોઝન ફૂડ ખાવાથી અનેક જીવલેણ બીમારીઓ થઈ શકે છે

નવી દિલ્હી, તા.૨૪

લાંબા સમય સુધી અથવા વધુ માત્રામાં ફ્રોઝન ખોરાક લેવાથી ઘણા ખતરનાક રોગો થઈ શકે છે. આજકાલ લોકોની વ્યસ્ત લાઈફને કારણે ફ્રોઝન અને પેકેજડ ફૂડનું ચલણ વધ્યું છે. પરંતુ તેમાં ટ્રાન્સ ચરબી અને વધુ સોડિયમ હોય છે. જે આપણા સ્વાસ્થ્ય માટે હાનિકારક છે.

સંશોધનમાં જાણવા મળ્યું છે કે લાંબા સમય સુધી ફ્રોઝન ખોરાક ખાવાથી કેન્સરનું જોખમ વધી જાય છે. દરરોજ ફ્રોઝન મીટ ખાવાથી પેટના કેન્સર એટલે કે સ્વાદુપિંડનું કેન્સર થવાનું જોખમ વધી જાય છે. જ્યારે આપણે ફ્રોઝન ફૂડ ખાઈએ છીએ ત્યારે આ સ્ટાર્ચ શરીરમાં ગ્લુકોઝમાં રૂપાંતરિત થાય છે.

આ ગ્લુકોઝની વધુ પડતી બ્લડ સુગર લેવલ વધે છે. ફ્રોઝન ફૂડમાં કેલરી અને ચરબી વધારે હોય છે. તેનું સેવન કરવાથી વજન વધવાની સમસ્યા થઈ શકે છે. ફ્રોઝન ફૂડ ખાધા પછી, શરીરને ઝડપથી ભૂખ લાગે છે જેના કારણે વધારાની કેલરીનો વપરાશ થાય છે. તે સ્થૂળતા અને ઝડપી વજનનું કારણ બની શકે છે. આપણે ફ્રોઝન ફૂડનું સેવન મર્યાદિત માત્રામાં જ કરવું જોઈએ. ફ્રોઝન ફૂડમાં ટ્રાન્સ ફેટનું પ્રમાણ વધુ હોય છે જે કોલેસ્ટ્રોલનું સ્તર વધારે છે. ટ્રાન્સ ફેટનું સેવન કરવાથી શરીરમાં ખરાબ કોલેસ્ટ્રોલ વધે છે અને સારા કોલેસ્ટ્રોલની માત્રા ઓછી થાય છે.

ખરાબ કોલેસ્ટ્રોલ વધવાથી હૃદયની બીમારીઓ થઈ શકે છે. જેના કારણે ધમનીઓમાં ભીડ થાય છે અને હાર્ટ એટેકનો ખતરો વધી જાય છે. આપણે ફ્રોઝન ફૂડનું સેવન મર્યાદિત માત્રામાં કરવું જોઈએ.

### ૨૨ જાન્યુઆરીએ થશે રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા

# બંધારણના પ્રથમ પૃષ્ઠ પર રામ : મોહન ભાગવત

### સ્વયંસેવકોને સંબોધતા સંઘના વડાએ કહ્યું, મણિપુર શાંતિપૂર્ણ હતું, પરસ્પર વિખવાદ અચાનક કેવી રીતે ફાટી નીકળ્યો?

નવી દિલ્હી, તા.૨૪

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ મંગળવારે (૨૪ ઓક્ટોબર ૨૦૨૩) વિજયાદશમીના રોજ તેનો ૯૫મો સ્થાપના દિવસ ઉજવી રહ્યું છે. આ પ્રસંગે સંઘ કાર્યકર્તાઓને સંબોધતા સર સંઘ પ્રમુખ મોહન ભાગવતે કહ્યું કે, મર્યાદા પુરુષોત્તમ પ્રભુ શ્રી રામ એ ધર્મની ગરિમા છે. આપણે તેમના ચરિત્રને અનુસરવું જોઈએ જેથી દેશને કટ્ટરતાથી બચાવી શકાય. તેમણે કહ્યું કે, કટ્ટરતા ધાર્મિક કટ્ટરતાને જન્મ આપે છે. મોહન ભાગવતે કહ્યું, દર વર્ષે ભારતીયોનું ગૌરવ વધી રહ્યું છે. જી-૨૦ સમિટમાં ભારતીયોની આતિથ્ય સત્કારનો સમગ્ર વિશ્વએ અનુભવ કર્યો. તેણે ભારતનો વિકાસ જોયો.

આરણા હૃદયની સદભાવના જોઈ. આપણી રાજકીય કુશળતા જોઈ. વસુધૈવ કુટુમ્બકમની વાત પહેલીવાર થઈ હતી. કરુણાના વૈશ્વિકરણની વાત હતી. એશિયન ગેમ્સમાં આપણા ખેલાડીઓએ ૧૦૭ મેડલ જીત્યા હતા. આપણો દેશ દરેક ક્ષેત્રમાં આગળ વધી રહ્યો છે. જેમનો (રામ) ફોટો આપણા બંધારણના પહેલા પેજ પર છે, તેમનું ભવ્ય મંદિર અયોધ્યામાં બની રહ્યું છે, તેનું ઉદ્‌ઘાટન ૨૨ જાન્યુઆરીએ થશે. આપણે બધા જઈ શકીશું નહીં, પરંતુ આપણે આપણી આસપાસના મંદિરોમાં જઈ શકીએ છીએ, આપણે દેશમાં ધાર્મિકતાનું વાતાવરણ બનાવવાનો પ્રયાસ કરી શકીએ છીએ. આપણે ભારતના અમર યુગને જોઈ રહ્યા છીએ. ૨૦૦૦ વર્ષ સુધી સુખની શોધમાં દુનિયા અનેક પ્રયોગો કરીને થાકી ગઈ. એવી ઘણી બાબતો છે જેના માટે તે કોઈ ઉકેલ શોધી શક્યો નથી. બ્રહ્માંડ વૈવિધ્યસભર બન્યું છે, વૈવિધ્યસભર રહેશે, સ્વાર્થ પણ રહેશે, કટ્ટરવાદ પણ રહેશે. સર, સ્વયંસેવકોને સંબોધતા સંઘના વડાએ કહ્યું, 'મણિપુર શાંતિપૂર્ણ હતું, પરસ્પર વિખવાદ અચાનક કેવી રીતે ફાટી નીકળ્યો? શું મણિપુર હિંસા પાછળ સરહદ પારના આતંકવાદીઓ હતા? કોણે Meitei અને Kuki સમુદાયો એકબીજા સામે ઊભા હતા? તે સરહદી વિસ્તાર છે, ત્યાં સંઘર્ષો છે, તેનો ફાયદો કોને?

### વિધાનસભાની ચૂંટણીને ગણતરીના દિવસો બાકી રહ્યા છે

# સીએમ ભૂપેશ બઘેલની ખેડૂતો માટે મોટી જાહેરાત

### અમારી સરકાર બન્યા બાદ તેઓ જાતિની વસ્તી ગણતરી કરાવશે, તેમણે ૧૭.૫ લાખ પરિવારોને ઘર આપવાનું પણ વચન આપ્યું છે

નવી દિલ્હી, તા.૨૪

છત્તીસગઢ વિધાનસભાની ચૂંટણીને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. આ દરમિયાન છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલે ખેડૂતો માટે મોટી જાહેરાત કરી છે. તેમણે કહ્યું છે કે સત્તામાં આવ્યા બાદ તેમની પાર્ટી ૨૦૧૮ની જેમ ફરીથી ખેડૂતોની લોન માફ કરશે. છત્તીસગઢના સીએમ ભૂપેશ બઘેલે શક્તિ જિલ્લામાં આ જાહેરાત કરી છે. આ દરમિયાન તેમણે કહ્યું કે અમારી સરકાર બન્યા બાદ તેઓ જાતિની વસ્તી ગણતરી કરાવશે. તેમણે ૧૭.૫ લાખ પરિવારોને ઘર આપવાનું પણ વચન આપ્યું છે. તમને જણાવી દઈએ કે છત્તીસગઢમાં પહેલા તબક્કાના મતદાનમાં લગભગ ૨ અઠવાડિયા બાકી છે. ૨૦ વિધાનસભા બેઠકો પર પ્રથમ તબક્કાની ચૂંટણી માટે ૭ નવેમ્બરે મતદાન છે. છત્તીસગઢમાં બીજા તબક્કાનું મતદાન ૧૭ નવેમ્બરે છે. બીજા તબક્કામાં ૭૦ બેઠકો માટે મતદાન થશે. તેથી ચૂંટણીના પરિણામો ૩ ડિસેમ્બરે જાહેર થશે.

વાસ્તવમાં તમામ પાર્ટીઓ ચૂંટણીને લઈને પોતાની પૂરી તાકાત લગાવી રહી છે. વચનો પણ આપી રહ્યા છે. આ દરમિયાન છત્તીસગઢના સીએમ બઘેલ જનતાને સંબોધતા જોવા મળ્યા હતા. આ દરમિયાન તેમણે જનતાને અનેક વચનો પણ આપ્યા હતા. તેમણે કહ્યું કે જો રાજ્યમાં તેમની સરકાર બનશે તો તેઓ ૨૦ ક્વિન્ટલ ડાંગર ખરીદશે અને લાખો પરિવારોને આવાસ પણ આપશે. ૨૦૧૮માં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસને બહુમતી મળી હતી. આ વખતે, પ્રથમ તબક્કામાં જે ૨૦ બેઠકો પર મતદાન થશે, તેમાંથી કોંગ્રેસે ૧૭ બેઠકો પર જીત મેળવી હતી. આ પછી ભાજપને બે અને જનતા કોંગ્રેસ છત્તીસગઢ (જે)ને એક બેઠક મળી. ત્યારપછીની પેટાચૂંટણીમાં કોંગ્રેસે વધુ બે બેઠકો કબજે કરી હતી. સીએમ ભૂપેશ બઘેલ ૨૦૨૩માં યોજાનારી છત્તીસગઢ ચૂંટણી માટે કોંગ્રેસની જીતનો ફરી દાવો કરી રહ્યા છે. તમને જણાવી દઈએ કે કોંગ્રેસે ૨૦૧૮માં થયેલી ચૂંટણીમાં ૬૮ સીટો જીતીને સરકાર બનાવી હતી. તો ભાજપે ૧૫ બેઠકો જીતી હતી. જ્યારે JCC(J) અને BSPને અનુક્રમે પાંચ અને બે બેઠકો મળી હતી. હાલમાં કોંગ્રેસના વિધાનસભામાં ૭૧ ધારાસભ્યો છે અને તેણે આગામી ચૂંટણીમાં ૭૫ બેઠકો જીતવાનું લક્ષ્ય રાખ્યું છે.

# અમરેલીમાં વાળા પરિવાર દ્વારા મહિલા વિકાસગૃહમાં ભોજન કરાવાયું



અમરેલી, તા.૨૪

અમરેલીનાં સ્વ. પુષ્પાબેન હનુભાઈ વાળાની સાતમી વાર્ષિક પુણ્યતિથિ નિમિતે અમરેલી મહિલા વિકાસ ગૃહની બહેનોને વાળા પરિવાર દ્વારા ભોજન કરાવામાં આવ્યું હતું.

આ તકે ઉપસ્થિત મનીષભાઈ સંઘાણી હનુભા વાળા શકિત ગ્રૃપ પ્રમુખ ગૌતમભાઈ વાળા ચકાભાઈ વાળા જનક બોરીચા જીગ્નેશ દાફડા ધવલ ત્રિવેદી, પૃથ્વીરાજ વાંક હિતુરાજ પરમાર, ઈન્દ્રજીતભાઈ ભાવિનભાઈ જોષી, અશોક વાળા સહિત ઉપસ્થિત રહયા હતા.

### ક્રૂડ ઓઈલ ફરીથી થયુ મોંઘુ

# ઘણા શહેરોમાં બદલાયા પેટ્રોલ અને ડીઝલના ભાવ

### નોઈડામાં પેટ્રોલ ૪૧ પૈસા અને ડીઝલ ૩૮ પૈસા સસ્તુ થયુ છે, પટનામાં પેટ્રોલ ૩૦ પૈસા અને ડીઝલ ૨૮ પૈસા સસ્તુ થયુ છે

નવી દિલ્હી, તા.૨૪

ભારતીય ઈંધણ કંપનીઓએ આજે પેટ્રોલ અને ડીઝલના ભાવ જાહેર કરી દીધા છે. દેશના મહાનગરો સહિત મોટાભાગના રાજ્યોમાં ઈંધણના ભાવ સ્થિર છે. જો કે, ઘણા શહેરોમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં સામાન્ય ફેરફાર થયો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતમાં વધ-ઘટ યથાવત છે. આજે બ્રેન્ટ ક્રૂડની કિંમત બેરલ દીઠ ૯૦.૫૭ ડૉલર થઈ ગઈ છે અને WTI ક્રૂડની કિંમત ૮૬.૨૨ ડૉલર પ્રતિ બેરલ થઈ ગઈ છે. અલીગઢમાં પેટ્રોલ અને ડીઝલ ૨૮ પૈસા મોંઘુ થયુ છે. અજમેરમાં પેટ્રોલ ૨૦ પૈસા અને ડીઝલ ૧૮ પૈસા મોંઘુ થયુ છે. પ્રયાગરાજમાં પેટ્રોલ ૮૦ પૈસા અને ડીઝલ ૭૮ પૈસા મોંઘુ થયુ છે. નોઈડામાં પેટ્રોલ ૪૧ પૈસા અને ડીઝલ ૩૮ પૈસા સસ્તુ થયુ છે. પટનામાં પેટ્રોલ ૩૦ પૈસા અને ડીઝલ ૨૮ પૈસા સસ્તુ થયુ છે.

ઉલ્લેખનીય છે કે મે ૨૦૨૨થી દેશમાં ઈંધણની કિંમતો સ્થિર છે, જેના કારણે લોકોને રાહત મળી છે. રોજ સવારે ૬ વાગે પેટ્રોલ અને ડીઝલના ભાવ અપડેટ થાય છે. અલગ-અલગ રાજ્યોમાં વેટનો દર અલગ-અલગ હોવાથી રાજ્યોમાં પેટ્રોલ અને ડીઝલનો દર એકસરખો રહેતો નથી. તમારા શહેરમાં પેટ્રોલ અને ડીઝલના શું ભાવ છે તેને તમે તમારા મોબાઈલ દ્વારા જાણી શકો છો. તમે પહેલા ગૂગલના પ્લે સ્ટોર પરથી IOCની એપ ડાઉનલોડ કરી લો અથવા તમે તમારા મોબાઈલમાં RSP અને તમારા શહેરનો કોડ લખીને ૯૨૨૪૯૯૨૨૪૯ નંબર પર મોકલો. તમને SMS પર બધી માહિતી મળી જશે. તમને જણાવી દઈએ કે દરેક શહેરનો આરએસપી નંબર અલગ-અલગ હશે જેને તમે IOCની વેબસાઈટ પરથી જાણી શકશો. તમને જણાવી દઈએ કે પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં એક્સાઈઝ ડ્યુટી, ડીલર કમિશન અને અન્ય વસ્તુઓ ઉમેર્યા બાદ તેની કિંમત લગભગ બમણી થઈ જાય છે. આ માપદંડોના આધારે ઈંધણ કંપનીઓ દરરોજ પેટ્રોલ અને ડીઝલના દર નક્કી કરવાનું કામ કરે છે. ડીલરો એ લોકો છે જે પેટ્રોલ પંપ ચલાવે છે. તેઓ ટેક્સ અને પોતાનુ માર્જિન ઉમેરીને છૂટક ભાવે પેટ્રોલ વેચે છે. આ ખર્ચ પેટ્રોલ અને ડીઝલના દરમાં પણ ઉમેરવામાં આવે છે.

### એઆઈએમઆઈએમના ચીફની ફરી વિવાદાસ્પદ હરકત

# અસદુદ્દીન ઓવૈસીએ પેલેસ્ટાઈનના સમર્થનમાં નારા લગાવ્યા

### ઈઝરાયેલની સેના ગાઝા પર અત્યાચાર કરી રહી છે અને આ બંધ થવું જોઈએ એવો નેતાએ અભિપ્રાય વ્યક્ત કર્યો

હૈદ્રાબાદ,તા.૨૪

ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસલમીનના ચીફ અસદુદ્દીન ઓવૈસી હૈદરાબાદમાં જુસ્સાદાર નારા લગાવતા જોવા મળ્યા છે. તેનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે, જેમાં તે પેલેસ્ટાઈનના પક્ષમાં નારા લગાવતા જોવા મળી રહ્યા છે.

એઆઈએમઆઈએમ દ્વારા પેલેસ્ટાઈનના સમર્થનમાં એક મોટી બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ઘણા મુસ્લિમ ધાર્મિક નેતાઓએ હાજરી આપી હતી. અસદુદ્દીન ઓવૈસી ઈઝરાયેલ-હમાસ યુદ્ધ પર સતત પોતાની પ્રતિક્રિયા આપી રહ્યા છે, તેમનું કહેવું છે કે ઈઝરાયેલની સેના ગાઝા પર અત્યાચાર કરી રહી છે અને આ બંધ થવું જોઈએ. ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષ પર એઆઈએમઆઈએમના વડા અસદુદ્દીન ઓવૈસીનું કહેવું છે કે પેલેસ્ટાઈનને પોતાનું સ્વતંત્ર રાષ્ટ્ર હોવું જોઈએ. તેમણે મીડિયા સાથે વાત કરતાં તેમણે કહ્યું કે હું મારા દેશના લોકોને કહેવા માંગુ છું કે મહાત્મા ગાંધીએ કહ્યું હતું કે પેલેસ્ટાઈન એ આરબોની ભૂમિ છે, જેમ ઈંગ્લેન્ડ અંગ્રેજોની ભૂમિ છે અને ફ્રાન્સ ફ્રેન્ચોની ભૂમિ છે.

અમને હંમેશા લાગતું હતું કે પેલેસ્ટિનિયનોનું પોતાનું સ્વતંત્ર રાષ્ટ્ર હોવું જોઈએ. ઓવૈસીએ ઈઝરાયેલ પર છેલ્લા ૮૦ વર્ષથી પેલેસ્ટાઈનની જમીન પર કબજો કરવાનો આરોપ લગાવ્યો હતો.

ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસલમીન (એઆઈએમઆઈએમ)ના ચીફ અસદુદ્દીન ઓવૈસીએ વધુમાં કહ્યું હતું કે ભારતે હંમેશા પેલેસ્ટાઈનના લોકોનું સમર્થન કર્યું છે.

ભારતને હંમેશા એવું લાગતું હતું કે પેલેસ્ટાઈનીઓને પોતાનું સ્વતંત્ર રાષ્ટ્ર હોવું જોઈએ. યુદ્ધ શરૂ થયાના દિવસો પછી ઓવૈસીએ પેલેસ્ટાઈન અને ગાઝાની પ્રશંસા કરી અને હિંસાની નિંદા કરી હતી. ઓવૈસીએ એક્સ (અગાઉનું ટ્વિટર) પરની એક પોસ્ટમાં જેરુસલેમની અલ-અક્સા મસ્જિદનો ફોટો શેર કર્યો હતો.

# બાબાપુરમાં ખોડિયાર ગરબી મંડળ દ્વારા નવરાત્રિની ઉજવણી



તસ્વીર : હસમુખ રાવળ–બાબાપુર

બાબાપુર, તા.૨૪

અત્યારે આખા ભારતમાં હોંશભેર નવરાત્રીની ઉજવણી થઈ રહી છે. ત્યારે બાબાપુર ગામમાં ખોડીયાર ગરબી મંડળ– હવેલી ચોક દ્વારા માતાજીને આઠમાં નોરતે અનકુટ ધરાયો હતો અને સાથે સાથે જુની સંસ્કૃતિ જાળવી રાખીને પ્રાચીન ગરબાઓ પણ રમાયા હતા.

### રશિયાના રાષ્ટ્રપતિને લઈને મોટા સમાચાર

# વાલ્દીમીર પુતિનને હાર્ટ એટેક આવ્યો, બેડરૂમમાં ઢળી પડ્યા

મોસ્કો,તા.૨૪

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના સ્વાસ્થ્ય અંગે મોટા સમાચાર સામે આવ્યા છે. હાલમાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને હાર્ટ એટેક આવ્યો હોવાના અહેવાલ સામે આવ્યા છે.

અહેવાલ મુજબ, રવિવારે રાત્રે લગભગ ૯.૦૫ વાગ્યે પુતિન તેમના બેડરૂમના ફ્લોર પડી ગયા હતા. જયારે સુરક્ષાકર્મીઓએ રાષ્ટ્રપતિ ફ્લોર પર અથડાવાનો અવાજ સાંભળ્યો ત્યારે તેઓ રૂમમાં તરત જ દોડી આવ્યા હતા.

તાજેતરના વર્ષોમાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની તબિયત નાજુક જોવા મળી રહી છે. અગાઉ પણ કેટલાક વીડિયોમાં તેમના હાથ ધ્રુજતા જોવા મળ્યા અને ક્યારે ભાષણ આપતા સમયે નબળા જોવા મળ્યા હતા. ગયા વર્ષે યુક્રેન પર હુમલો શરૂ થયો ત્યારથી મીડિયામાં એવા ઘણા અહેવાલો આવ્યા છે કે ૭૧ વર્ષીય રશિયના રાષ્ટ્રપતિની તબિયત સતત લથડી રહી છે.

## વડેરા ગામે અક્ષર પ્રાથમિક શાળાની સફાઇ કરવામાં આવી





અમરેલી તા.૨૪

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સમગ્ર દેશમાં ચાલી રહેલા સ્વચ્છ ભારત અભિયાનને જન આંદોલન બનાવવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સમગ્ર રાજયમાં આગામી બે માસ સુધી પ્રતિ દિન સ્વચ્છતા કાર્યક્રમો યોજવાની પહેલ કરી હતી.

રાજયના આ ચાર પખવાડીયાના મહા સ્વચ્છતા અભિયાનમાં બીજા રવિવારે સ્વચ્છતા કેલેન્ડર મુજબ ધાર્મિક અને પ્રવાસન સ્થળોની સાફ સફાઈ કરવામાં આવી હતી. આજરોજ ‘‘સ્વચ્છતા એ જ સેવા’’ કાર્યક્રમ અંતર્ગત અમરેલીના વડેરા મુકામે અક્ષર પ્રાથમિક શાળામાં સાફ–સફાઈ અભિયાન આયોજિત કરવામાં આવ્યું હતુ. શાળાના શિક્ષકો અને ગ્રામજનોએ સાથે મળીને શાળામાં સ્વચ્છતા માટે શ્રમદાન કર્યુ હતુ. આગામી બે માસ સુધી સ્વચ્છતા હી સેવા અભિયાન ચલાવવામાં આવશે. જેમાં આ અભિયાનના ભાગરૂપે તા. ૨૩ થી ૨૮ ઓકટોબર સુધી જિલ્લાની તમામ શૈક્ષણિક સંસ્થાઓ, યુનિવર્સિટી, બિલ્ડીંગ, શાળા, કોલેજો અને આંગણવાડીની સફાઈ કરવામાં આવશે.

## અમરેલી : દેનાબેંક સોસાયટીમાં રાસ–ગરબાની રમઝટ





અમરેલી, તા.૨૪

નવલા નોરતા દરમ્યાન દેનાબેંક સોસાયટીમાં દરરોજ રાસ–ગરબાની રમઝટ યોજાય છે. બેંકનો દ્વારા અસાચીન ગરબાઓ લેવાય છે. દરરોજ શરૂઆતમાં મા અંબાના સ્તૃતિ કરવામાં આવે છે ત્યારબાદ સોસાયટીની બહેનો એક કુંટુંબીક ભાવનાં સાથે માના ગરબા રમે છે. અહી બાળકો પણ રમે છે.

આ નવલા નવરાત્રીમાં ભારતીબેન ત્રિવેદી, રાજુભાઈ પરિખ, વર્ષાબેન પરિખ, સોનલબેન ત્રિવેદી, હેમાક્ષીબેન ત્રિવેદી, હંસાબેન સેંજલીયા, વિરાજબેન વ્યાસ, નયનાબેન વરિયા, બંસીબેન બસીયા, ચેતનાબેન ખેતાણી, નીતાબેન બસન, હિનાબેન સાગર, મીતાબેન મજુઠીયા, જયોત્સનાબેન જાની, પારૂલબેન મકવાણા, સુધાબેન ગઢીયા, નીચાબેન જાની, સ્નેહલબેન વ્યસન, જયોતિબેન વાઢેર, વૈશાલીબેન દેવમુરારા, મંજુલાબેન પડસાલા, પલ્લવીબેન દવે, જાનવીબેન ભટ્ટ, તેમજ અન્ય બહેનો દ્વારા ઉત્સાહભેર ભાગ લીધેલ. સૌ સાથે મળી નવરાત્રી દરમ્યાન રાસ–ગરબાની રમઝટ બોલાવેલ. ભારતીબેન ત્રિવેદીનું માર્ગદર્શન રહયું હતુ. તેમ યાદીમાં જણાવેલ છે.

## જીરા, મોટા ઝિંઝુડા, અમરવાલપુર સહિતના ગામોમાં સફાઇ અભિયાન યોજાયું





અમરેલી, તા. ૨૪

‘સ્વચ્છતા હી સેવા’ અભિયાન અંતર્ગત તા. ૨૩ થી ૨૮ ઓકટોબર દરમિયાન સમગ્ર રાજયમાં શૈક્ષણિક સંસ્થાઓ, સ્કુલ, કોલેજ, યુનિવર્સિટી, આંગણવાડી કેન્દ્રોની સાફ સફાઈ કરવામાં આવી રહી છે.

આ કડીના ભાગરૂપે અમરેલી જિલ્લાના ગ્રામિણ વિસ્તારોમાં સોમવારે ઉત્સાહભેર સ્વચ્છતા અભિયાન યોજાયું હતું.

જિલ્લાના અમરવાલપુર, સાવરકુંડલા તાલુકાના ઝિંઝુડા અને જીરા સહિતના ગામોમાં સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ અંતર્ગત શાળા, આંગણવાડી કેન્દ્રોની સફાઈ કરવામાં આવી હતી. કાર્યક્રમમાં આંગણવાડીના બહેનો, શિક્ષકો, આચાર્યો, સરપંચો તેમજ ગ્રામજનો બહોળી સંખ્યામાં જોડાયા હતા.

### બાબરામાં તેરૈયા પરિવારનાં કુળદેવી

## ચામુંડા માતાજી મંદિર ખાતે આરાધનાનો કાર્યક્રમ યોજાયો

### ડાક ડમરૂના સથવારે ભગવતીની આરાધના



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા.૨૪

બાબરામાં નવલા નોરતામાં અહીં તેરૈયા પરિવારના કુળ દેવી ચામુંડા માતાજીના સાંનિધ્યમાં ભગવતી આરાધના કાર્યક્રમ યોજાયો હતો.

જેમાં સુપ્રસિદ્ધ રાવળદેવ અરવિંદભાઈ દ્વારા ડાક ડમરૂના સથવારે ભગવતીની આરાધના કરી ગુણગાન ગાવામાં આવ્યા હતા.

અહીં તેરૈયા પરિવારના અગ્રણીઓ અને લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા તેમજ ભવ્ય અને દિવ્ય કાર્યક્રમનો લાભ શહેરના સ્થાનિક અગ્રણીઓ અને લોકો પણ ઉપસ્થિત રહી માણ્યો હતો.

### ડેન્ગ્યુ મેલેરિયા જેવો રોગચાળો હોવાથી

## અમરેલી જિલ્લામાં દવા છંટકાવ અને વિનામૂલયે દવાનું વિતરણ કરવા માંગ

### પુર્વ ધારાસભ્ય પરેશ ધાનાણીએ કલેકટરને પત્ર પાઠવ્યો



અમરેલી, તા.૨૪

અમરેલી જીલ્લામાં ડેન્ગ્યું, ચિકનગુનિયા, મેલેરીયા, તાવ, શરદી – ઉધરસ, ઝાડા – ઉલ્ટી સહિતના રોગાચાળો વકરી રહયો છે.

આ તમામ રોગચાળા પ્રત્યે ગંભીરતાપૂર્વક પગલા લેવામાં અને વકરતા રોગચાળાના ઉપચાર માટે વિનામૂલ્યે દવાનું વિતરણ કરવામાં આવે તેમજ ફોંગીગ, મેલેથીયોન દવાનો છંટકાવ મચ્છરનો ઉપદ્રવ ન થાય તે માટે ઘરે–ઘરે જઈ ટાંકામાં દવા નાખવી મચ્છરના ઉત્પતી સ્થાનોમાં દવા છંટકાવ કરાવવા પૂર્વ ધારાસભ્ય પરેશ ધાનાણીએ કલેકટરને માંગ કરેલ છે.

### વિધાસભા અને બીટી સવાણી ટ્રસ્ટ દ્વારા

## અમરેલી જિલ્લા વિધાસભા ગર્લ્સ હોસ્ટેલ કેમ્પસમાં આરઓ ફિલ્ટર પ્લાટનો પ્રારંભ

### વિધાર્થીનીઓનાં આરોગ્યનાં હિતમાં ઉત્તમકાર્ય



અમરેલી, તા.૨૪

અમરેલી જીલ્લા વિધાસભા ગર્લ્સ હોસ્ટેલ કેમ્પસમાં વિધાસભા અને બી.ટી.સવાણી ચેરીટેબલ ટ્રસ્ટના સયુંકત ઉપક્રમે તા.૨૪/૧૦/૨૦૨૩ને મંગળવાર દશેરાના શુભ દિવસે બહેનો માટે સ્પેશીયલ R.O.વોટર ફિલ્ટર પ્લાન્ટનું ઉદઘાટન કરવામાં આવ્યું, કેમ્પસમાં ૨૦૦૦ લી.નો R.O. ફિલ્ટર પ્લાન્ટ કાર્યરત છે તેમાં સમગ્ર કેમ્પસમાં શુધ્ધ પીવાનું પાણી મળે છે.

આગામી સમયની વધતી જતી સંખ્યા ધ્યાને લઈ વધુ એક R.O. પ્લાન્ટનું નિર્માણ કરી કેમ્પસમાં તમામ વિધાર્થીઓ ભાઈઓ તથા બહેનો શુધ્ધ પીવાનું પાણીની માત્રા વધુ મળી રહેશે. નોંધનીય છે કે સંસ્થામાં તમામ ભોજન R.O. ફિલ્ટર પ્લાન્ટના શુધ્ધ પાણીથી જ બનાવવામાં આવે છે.અને સ્વાસ્થ્યં અંગે પૂર્ણત : કાળજી લેવામાં આવે છે. જેમા સતત નવીનીકરણ સાથે સુવિધાઓ વધારવામાં આવી રહી છે.

સંસ્થામાં સતત સુવિધાઓનો વધારો થતા વિધાર્થીનીઓ ખુબજ પ્રસન્નતા અનુભવે છે. વિધાર્થીનીઓને સારી સુવિધાથી શિક્ષણના ક્ષેત્રે આગળ વધે અને પરિવાર તથા સંસ્થાનું નામ રોશન કરે તેવી સંસ્થા મેનેજમેન્ટે શુભકામના પાઠવી છે.

## મોરબી ખાતે શીતલ પાર્લરનું મંગલ ઉદ્‌ઘાટન સંપન્ન





અમરેલી, તા.૨૪

મોરબી ખાતે શીલ પાર્લરનું ઉદઘાટન મહેન્દ્રનગર ચોકડી, પીપળી – જેતપુર રોડ ખાતે સંપન્ન થયેલ હતું. આ શુભ પ્રસંગે રમેશભાઈ ચકુભાઈ ધરોડિયાના હસ્તે રીબીન કાપી મંગલ ઉદઘાટન સંપન્ન થયેલ છે. આ પ્રસંગે અજયભાઈ રમેશભાઈ ધરોડિયા, કિશનભાઈ રમેશભાઈ ધરોડિયા તથા શીતલ કુલ પ્રોડકટસ લીમીટેડ તરફથી ભાવિનભાઈ યાદવ (બી.ડી.એમ.) હિતેષભાઈ દેવરા (ડિસ્ટ્રીબ્યુટર) તથા આમંત્રિત મહેમાનો ઉપસ્થીત રહયાં હતા તેવુ શીતલ કુલ પ્રોડકટ્સ લીમીટેડ કંપનના ફેન્ચાઈઝી હેડ દિપકભાઈ આર.જોષીની યાદીમાં જણાવામાં આવેલ છે.

### તા. ૨૩ થી ૨૮ ઓકટો. સુધી તમામ શૈક્ષણિક સંસ્થાઓ ખાતે સફાઈ ઝુંબેશ

## આગામી રવિવારે ગ્રામ્ય અને શહેરના અનિયમિત વિકસિત અને અવિકસિત વિસ્તારમાં સ્વચ્છતા ઝુંબેશ યોજાશે

### અમરેલી જિલ્લામાં ‘‘સ્વચ્છતાહી સેવા’’ અંતર્ગત કામગીરી

અમરેલી, તા.૨૪

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સમગ્ર દેશમાં ચાલી રહેલા સ્વચ્છભારત અભિયાનને જન આંદોલન બનાવવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સમગ્ર રાજયમાં આગામી બે માસ સુધી પ્રતિ દિન સ્વચ્છતા કાર્યક્રમો યોજવાની પહેલ કરી હતી.

રાજયના આ ચાર પખવાડિયાના મહા સ્વચ્છતા અભિયાનમાં બીજા રવિવારે સ્વચ્છતા કેલેન્ડર મુજબ ધાર્મિક અને પ્રવાસન સ્થળોની સાફ સફાઈ કરવામાં આવી હતી.

જિલ્લામાં ’’સ્વચ્છતા એ જ સેવા’’ કાર્યક્રમ અંતર્ગત તા. ૨૩ ઓકટોબર થી ૨૮ ઓક્ટોબર,૨૩ સુધી તમામ શૈક્ષણિક સંસ્થાઓ, યુનિવર્સિટી,બિલ્ડિંગ, શાળા અને કોલેજ કેમ્પસ ખાતે સફાઈ ઝુંબેશ યોજાઈ રહી છે. આગામી રવિવારે ગ્રામ્ય અને શહેરના અનિયમિત વિકસિત અને અવિકસિત વિસ્તારમાં વિશેષ સ્વચ્છતા ઝુંબેશ પણ યોજાશે.

મહાત્મા ગાંધીજીના સ્વચ્છતાલક્ષી વિચારોને આજે ગુજરાતનો જન જન સાર્થક કરી રહ્યો છે. સમગ્ર રાજયમાં સ્વચ્છતા હી સેવા અભિયાન પૂરજોશમાં આગળ ધપી રહ્યુ છે. ઉપરાંત આ અભિયાનમાં સામાજિક સંસ્થાઓ સહિત સે જનભાગીદાર બની રહ્યા છે. આવો સે સ્વચ્છતા હી સેવા અભિયાનમાં જોડાઈને સ્વચ્છ ગુજરાતનું નિર્માણ કરીએ.

# અમરેલી ખાતે રઘુવંશી સમાજ દ્વારા વિજયાદશમીએ શસ્ત્ર પૂજન કરાયું









વિજયાશમી એટલે અધર્મ પર ધર્મનો અને અસત્ય પર સત્યનો વિજય ભગવાન શ્રી રામચંદ્ર દ્વારા રાવણ પર વિજયના પાવન પ્રસંગે શ્રી વીરદાદા જસરાજની વીરતાના વારસદાર સમસ્ત રઘુવંશી સમાજ દ્વારા શકિત સ્વરૂપ શસ્ત્રોના પૂજન મહોત્સવનો ભવ્ય અને દિવ્ય કાર્યક્રમ કરવામાં આવેલ કાર્યક્રમની વિગતે માહિતી આપતા આયોજક વિશાલભાઈ સોઢા દ્વારા જણાવવામાં આવ્યું છે કે તા.૨૪/૧૦/૨૦૨૩ને મંગળવાર વિજયા દશમીના પાવન દિવસે લાઠી રોડ પર આવેલ માતૃશ્રી અંબાબેન નરશીદાસ સોઢા લોહાણા મહાજન વાડી ખાતે શસ્ત્ર પૂજનનું આયોજન કરવામાં આવેલ હતું આ પ્રસંગે હિન્દુ શાસ્ત્ર વિધિથી ભૂદેવોના મંત્રોચ્ચાર દ્વારા શસ્ત્રોનું પૂજન ૧૫૧ જનોઈધારી રઘુવંશી યુવાનો દ્વારા દશેરાના પાવન દિવસે બપોરે ૧:૫૮ કલાકના શુભ મુહૂર્તમાં કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં પૂજય શ્રી રામ મનોહરદાસબાપુ તેમજ રાંદલમાં મંદિર દડવાના ગાદીપતિ પૂજય શ્રી રમેશ પ્રગટ બાપુ તેમજ તેમજ પૂજય શ્રી નિત્ય શુદ્ધાનંદ સ્વામીજી ઉપસ્થિત રહી આશીર્વાદ પાઠવેલ તેમજ લોહાણા મહાજન પ્રમુખ તેમજ ટ્રસ્ટીગણ તેમજ લોહાણા મહાપરિષદ અમરેલીના રિજીયન પ્રમુખ ઉપસ્થિત રહેલ સમગ્ર કાર્યક્રમનું સંચાલન રોહિતભાઈ જીવાણી તેમજ અર્જુનગઢીયા દ્વારા કરવામાં આવેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે રઘુવંશી સમાજના યુવા આગેવાન વિશાલભાઈ સોઢાના માર્ગદર્શન સાથે રઘુવંશી યુવાનો બિરજુ અટારા,આશિષ ગણાત્રા,પ્રિતેશ માનસેતા, આકાશ ગણાત્રા,હિરેન ભૂપતાણી,ચિરાગ સેદાણી,ભાવેશ સોમૈયા, જયદીપ ગણાત્રા,રોનક ઉનડકટ વિગેરેએ જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવેલ.

# જસવંતગઢ, મેડી, સમઢિયાળા–૧ સહિતના ગામોમાં સ્વચ્છતા અભિયાન યોજાયું





સ્વચ્છતા હી સેવા મહા અભિયાન અંતર્ગત વિજયા દશમીનાં પાવન અવસરે રજાનાં માહોલની વચ્ચે પણ અમરેલી જિલ્લાનાં ગામડાઓમાં સ્વચ્છતા અભિયાન યોજાયુંહતું. અમરેલી જિલ્લાનાં સ્વચ્છાગ્રહીઓએ આ પ્રસંગે સ્વચ્છતા જાળવવાનો સંકલ્પ લીધો હતો. મંગળવારે અમરેલી તાલુકાનાં જસવંતગઢ મેડી ખાતે શાળા અને આંગણવાડીઓની સાફ સફાઈ કરવામાં આવી હતી. આ કાર્યમાં આંગણવાડીનાં બહેનો, શાળાનાં શિક્ષકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જયારે રાજુલા તાલુકાનાં સમઢિયાળા–૧ ખાતે જય યોગેશ્વર સખી મંડળ દ્વારા શિવજીનાં મંદિરની આસપાસ સાફ સફાઈ કરવામાં આવી હતી. જિલ્લામાં 'સ્વચ્છતા એ જ સેવા' કાર્યક્રમ અંતર્ગત તા.૨૩ ઓકટોબર થી ૨૮ ઓકટોબર–૨૩ સુધી તમામ શૈક્ષણિક સંસ્થાઓ, યુનિવર્સિટી, બિલ્ડીંગ, શાળા અને કોલેજ કેમ્પસ ખાતે સફાઈ ઝુંબેશ યોજાઈ રહી છે. આગામી રવિવારે ગ્રામ્ય અને શહેરનાં અનિયમિત વિકસિત અને અવિકસિત વિસ્તારમાં વિશેષ સ્વચ્છતા ઝુંબેશ પણ યોજાશે.

### દશેરાનાં પાવન પ્રસંગે

## અમરેલીમાં ફાયર વિભાગ દ્વારા હિરકબાગ ખાતે શસ્ત્ર પૂજન કરાયું

### અગ્નિશામક સાધનોની પૂજા કરાઈ

અમરેલી, તા. ૨૪

આજે દશેરાના પાવન પ્રસંગે અમરેલી ફાયર વિભાગ દ્વારા હિરક બાગ ફાયર સ્ટેશન ખાતે વિધિવત શસ્ત્રપૂજન કરવામાં આવ્યું હતું.

વર્ષોથી મનાવાતા વિજયા દશમીના તહેવાર નિમિત્તે આગ તથા અકસ્માતના સમયે વિજય મેળવવા માટે તથા જાનમાલના રક્ષણ માટે ઉપયોગમાં લેવાતા એવા શસ્ત્રોની પૂજન વિધિ કરી સમગ્ર જનતા તથા જાનમાલનું રક્ષણ થાય તેવી પ્રાર્થના ફાયર વિભાગ પરિવાર દ્વારા કરવામાં આવેલ હતી.



પાના ૧ ઉપરનું ચાલું

### ટ્રેકટર અને ડબલ સવારી બાઈક વચ્ચે

પિતા–પુત્ર ખરીદી કરીને ધારી ગામેથી દુધાળા ગામે પોતાના હવાલાવાળા મોટર સાયકલ ઉપર સાંજના છ વાગ્યાના સમયે પરત જતા હતા અને ભાવેશભાઈ મોટર સાયકલ ચલાવતા હતા. તેઓ ડબલ સવારી મોટર સાયકલ લઈ દુધાળા ગામ નજીક પહોંચતા જ એક નવા જેવું ટ્રેકટરના ચાલક પુર ઝડપે અને બેફીકરાઈથી દુધાળા ગામ તરફ જતુ હતુ. તે ટ્રેકટરની સાઈડ બાઈક ચાલક ભાવેશભાઈ કાપવા જતા આ ટ્રેકટરના ચાલકે અચાનક જ કાવુ મારતા આ ડબલ સવારી મોટર સાયકલ ટ્રેકટરની લારી સાથે અથડાય જતાં બાઈક સવાર પિતા–પુત્ર બંને મોટર સાયકલ સાથે નીચે પડી ગયેલ હતાં. જે ટ્રેકટર કાદુભાઈ નજરાભાઈ દુધાળાવાળાનું હોય અને તે કોઈ અજાણ્યા ચાલક ચલાવતો હતો. ૧૦૮ એમ્બ્યુલન્સ આવી જતા તેમાં બંને પિતા–પુત્રને ધારી સરકારી દવાખાને ખસેડાયેલ જયાં ફરજ પરના ડોકટરે ભાવેશભાઈને તપાસી મરણ જાહેર કરેલ હતાં.

પાના ૮ ઉપરનું ચાલું

### બગસરાનાં સાપર ગામે

કંટાળી વૃદ્ધે આપઘાત કરી લીધો હતો. આ બનવાની જાણ ગામના સરપંચ ધનસુખભાઈ મોહનભાઈ સીલુ તથા તાલુકા પંચાયત બગસરાના સદસ્ય કાંતિભાઈ વેકરીયાને થતાં તેઓ ઘટના સ્થળે દોડી ગયા હતાં. અને બગસરા પોલીસ અને ફાયર વિભાગને જાણ કરતા ફાયર ટીમ અને પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ફાયર ટીમ દ્વારા નદીના પાણીમાં વૃધ્ધની શોધખોળ આદરી હતી દરમિયાન લાશ મળી આવી હતી. વૃધ્ધ અસ્થિર મગજના હોય અને તેઓ અગાઉ ગ્રામ પંચાયતમાં નોકરી કરતાં હતાં. તેવું પ્રાથમિક તપાસમા બહાર આવ્યુ.


### સ્થાનિક પોલીસની કામગીરી

## સાવરકુંડલામાં થયેલ મોબાઈલ ચોરીનો ભેદ ખુલ્યો

### આરોપી કાબાભાઈની અટકાયત

અમરેલી, તા. ૨૪

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે મિલ્કત સબંધી ગુન્હાઓ ડીટેકટ કરવા સુચના આપેલ હોય તેમજ નાયબ પોલીસ અધિક્ષક એચ.બી. વોરાએ માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ્પેકટર એસ.એમ. સોનીની સુચના અને માર્ગદર્શન હેઠળ ચોકકસ બાતમી આધારે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટાફ ધ્વારા સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના આઈપીસી કલમ–૩૭૯ મુજબના ગુન્હાના કામે આરોપી



કાબાભાઈ મનાભાઈ સાતરીયા રહે. મફતપરાને ચોરીના એક મોબાઈલ સાથે પકડી અનડીટેકટ ગુન્હો કરી ધોરણસર કાર્યવાહી કરેલ છે.

### ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૩૨ | ૧૪૨૫ |
| ૨ | તલ સફેદ | ૩૧૫૨ | ૩૧૫૨ |
| ૩ | સોયાબીન | ૯૦૦ | ૯૪૫ |

### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૩૩૧ | ૧૪૨૨ |
| ૨ | તલ સફેદ | ૨૭૦૧ | ૩૦૭૬ |
| ૩ | કપાસ | ૧૨૭૦ | ૧૪૫૧ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૫૧ | ૪૫૧ |

### રોગચાળાનાં માહોલમાં ચાવડાથી મુશ્કેલી

## વડિયામાં દશેરાનાં પવિત્ર દિવસે વરસાદી માહોલ : હળવા ઝાંપટા પડયા

### તૈયાર પાક સમયે માવઠાથી ચિંતા

વડિયા, તા. ૨૪

સમગ્ર દેશમાં હાલ ચોમાસુ વિદાઈ લઈ ગયુ છે અને શિયાળીની શરૂઆત પણ થતી જોવા મળી રહી છે ત્યારે શિયાળાની શરૂઆતમાં વડિયા વિસ્તારમાં ફરી વરસાદી માહોલ સર્જાતા ખેડૂતોને શિયાળુ પાક તૈયાર થતા તેની મૌસમ ચાલુ છે. ત્યારે વરસાદી માહોલ થતા ખેડૂતોમાં ચિંતાનો માહોલ સર્જાતો જોવા મળ્યો છે તો બીજી બાજુ દશેરાની મીઠાઈની ઘરાકીમાં સાંજના સમયે લોકો પલળતાં મીઠાઈ, જલેબી અને ફાફડા લેતા જોવા મળ્યા હતા. વાતાવરણમાં અચાનક પલટો આવતા બેવડી ૠતુનો અનુભવ થતા રોગચાળો વધવાની શકયતા જોવા મળી રહી છે.

## આધશકિત માતાજી કનકેશ્વરીના નિજ મંદિરે અષ્ટમીનો હવન યોજાયો

અમરેલી, તા. ૨૪

ગીરમાં બિરાજતા આધશકિત માતાજી કનકેશ્વરીનાં નિજ મંદીરે આસો નવરાત્રી ઉત્સવ દરમિયાન આજે નવલા નોરતાના આઠમાં નોરતે હવન અષ્ટમીનું દર વર્ષની જેમ આ વર્ષે પણ આયોજન કરવામાંઆવ્યું હતું જે હવન અષ્ટમીના મુખ્ય મનોરથી અનિલભાઈ અમૃતલાલ શાહ પરિવાર હતો. અનિલભાઈ અમૃતલાલ શાહ પરિવાર દ્વારા ગીરમાં બિરાજતા આધશકિત કનકેશ્વરી માતાજીના મંદિરમાં અત્યાર સુધીમાં કુલ ૭૮ યજ્ઞ ભવ્યથી ભવ્ય રીતે કરવામાં આવ્યા છે. આ તકે અને ગીર સોમનાથના પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકી, ગુજરાત



રાજયના વરિષ્ઠ ધારાશાસ્ત્રી નિરૂપમભાઈ નાણાવટી, કોડીનાર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ શીવાભાઈ સોલંકી, વિસાવદર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ કૌશિકભાઈ વાઘેલા, માતાજી કનકેશ્વરી ટેમ્પલ ટ્રસ્ટના પ્રમુખ નરેન્દ્રભાઈ જાની, મેનેજર દેવાંગભાઈ ઓઝા, ઉદય મહેતા, પૂજારી હરિભાઈ જાની તથા માયભકતો ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી : બહેરા–મૂંગા શાળાને સુપરગેસ કંપની તરફથી આર્થિક સહાય



શ્રવણમંદ દિવ્યાંગોના જીવનને સમર્પિત અમરેલીની બહેરા–મૂંગા શાળાને તા. ૩/૭/૨૦૨૩ ને શનિવારના શુભ દિને સુપરગેસ ફાઉન્ડેશન કંપની તરફથી બહેરા–મૂંગા બાળકોના અધતન શિક્ષણ માટે રકમ રૂા.૧.૦૫,૮૭૫ (એક લાખ પાંચ હજાર આઠસો પંચોતેર) જેવી માતબર રકમની આર્થિક સહાય કરવામાં આવી આ ગૌરવશાળી ઘડીએ અમર ડેરીના વાઈસ ચેરમેન મુકેશભાઈ સંઘાણી અમરેલી નગરપાલીકાના નવનિયુકત પ્રમુખ જીગ્નેશભાઈ લિંબાણી કારોબારી ચેરમેન મનિશભાઈ ધોરાજીયા તથા સુપરગેસ ફાઉન્ડેશન કંપની તરફથી પધારેલા આશિષભાઈ ગળતરી તથા કૃણાલભાઈ બિકીવાડીયા ખાસ ઉપસ્થિત રહયા હતા. સુપરગેસ ફાઉન્ડેશન કંપનીની આ નિઃસ્વાર્થ પુર્ણ સેવા સરવાણીને સંસ્થાનાં બાળકોએ સહર્ષ વધાવી લીધેલ, સંસ્થાને આવી અમૂલ્ય સેવા પુરી પાડનાર સુપર ગેસ ફાઉન્ડેશન કંપની (બાવળા તથા બાબરા) નો સંસથા પરિવાર સહૃદય આભાર વ્યકત કરે છે.

## ચતુરભાઇ પટેલ પ્રમુદપદે અને હરેશ સાદરાણી કાર્યકારી પ્રમુખ બન્યા

# અમરેલી ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સનાં હોદ્દેદારો વરણી

### મહામંત્રી તરીકે દિનેશ ભુવા, જીતુભાઇ ડેર, પ્રકાશભાઈ ધોળકીયા સહિતના વેપારીઓનો સમાવેશ


અમરેલી, તા. ૨૪

અમરેલી ડિસ્ટ્રીકટ ચેમ્બર્સ ઓફ કોમર્સ સંસ્થા છેલ્લા ઘણા સમયથી કાર્યરત છે. જેની સ્થાપના પ્રમુખ તરીકે પંકજભાઈ કાનાબારની રાહબરી નીચે ચાલુ કરેલ હતી. પછી ઉતરોતર મહેશભાઈ નગદીયા પછી જમનલાલ માંકડીયાએ પ્રમુખ તરીકે સરાહનીય કામગીરી કરેલ અને સંસ્થાના ઉપપ્રમુખ તરીકે યોગેશભાઈ કોટેચાએ કામગીરી કરેલ છે અને હાલ છેલ્લા પંદર વર્ષથી પ્રમુખ તરીકે ચતુરભાઈ અકબરીએ દિવસ-રાત જોયા વગર બિનસ્વાર્થે નામની આશા રાખ્યા વગર એકધારી વેપારીઓની સેવા કરેલ છે અને જિલ્લાના તમામ વેપારીઓના હિત માટે લડેલ છે અને નવા પ્રમુખ તરીકે હાલ ફરી ચતુરભાઈ અકબરીને હોદો સોંપેલ છે અને કાર્યકારી પ્રમુખ તરીકે હરેશભાઈ સાદરાણીની વરણી થયેલ છે. તેઓના ટીમના હોદેદારોની નિમણુંક કરવાની સત્તા સોંપેલ છે.

જેમને અમરેલી ઈન્દિરા શોપીંગ સેન્ટરના પ્રમુખ યોગેશભાઈ કોટેચા તથા અનાજ કરીયાણા રીટેઈલ મરચન્ટ એસોસીએશન ઉપપ્રમુખ બાબુભાઈ કાબરીયા, અમરેલી ચેમ્બર ઓફ કોમર્સના ઉપપ્રમુખ હાર્દિકભાઈ સેંજલીયા તથા મોટા બસ સ્ટેશન વેપારી એસોસીએશન પ્રમુખ દિનેશભાઈ ભુવા (શીતલ આઈસ્ક્રીમ) વાળા સહિતના તમામ વેપારી એસોસીએશનના પ્રમુખો તથા હોદેદારોએ ચતુરભાઈ અકબરીને પ્રમુખ તરીકે સમર્થન જાહેર કરી સાથે મળી વેપારીઓના કામકાજ માટે સાથે રહેવાનો કોલ આપેલ છે.

અમરેલી જિલ્લાના વેપારીઓની એકતા મજબુત બનાવવા માટે દરેક વેપારીઓને સાથે રહેવા અને મજબુત ટીમ બનાવવાનું આયોજન કરેલ છે. ચતુરભાઈ પટેલ ખુબ જ સેવાભાવી તથા લોકચાહના મેળવી અનાજ કિરાણા મરચન્ટ એસોસીએશનના પ્રમુખ તરીકે તથા અમરેલી જિલ્લા લેઉવા પટેલ સમાજની ટીમમાં પણ કાર્યરત છે. મહામંત્રી તરીકે દિનેશભાઈ ભુવા (શીતલ આઈસ્ક્રીમ), જીતુભાઈ ડેર, જિલુભાઈ વાળા, નિતીનભાઈ રાજપરા, (બાલમુકુંદ જવેલર્સ), બાબુભાઈ કાબરીયા, અરવિંદભાઈ બોખા (દામનગર), પ્રકાશભાઈ બી. ધોળ કીયા (નિલકંઠ જવેલર્સ), પ્રતાપભાઈ ખુમાણ (સાવરકુંડલા), ખજાનચી તરીકે ઘનશ્યામભાઈ રૈયાણી, સહખજાનચી તરીકે જયરાજભાઈ

### ઉપપ્રમુખ તરીકે યોગેશ કોટેચા, હાર્દિક સેંજલીયા, કાંતિભાઇ વઘાસિયા સહિતના વેપારીઓને જવાબદારી



કોઠીવાળ (શ્યામ ટી.વી.એસ.), રમેશભાઈ શીંગાળા (ક્રિષ્ના કેટરર્સ), મીડીયા કન્વીનર તરીકે ગીરીશભાઈ સાવલીયા તેમજ ઉપપ્રમુખ તરીકે યોગેશભાઈ કોટેચા, હકુભાઈ ચૌહાણ, મજબુતસિંહ બસીયા, અનીલભાઈ મેતલીયા (નારાયણ સોલ્વેક્ષ), હાર્દિકભાઈ સેંજલીયા, કાંતિભાઈ વઘાસીયા, કમલેશભાઈ ગરાણીયા, કાળુભાઈ સુહાગીયા, મહેશભાઈ સોમૈયો, મહેશભાઈ મશરૂ (સાવરકુંડલા), ભુપતભાઈ વાળા (ધારી), સંજયભાઈ સવાણી (ખાંભા), મહેન્દ્રભાઈ સાદરાણી (ચલાલા), અંકુરભાઈજસાણી (બાબરા), દિલીપભાઈ શેખલીયા (લીલીયા), દિનેશભાઈ હડીયલ (બગસરા), રાજુભાઈ સોની (વિજપડી), અનીલભાઈ વડેરીયા (કુંકાવાવ), પ્રવિણભાઈ ધાનાણી (શ્રીજી માર્બલ) (લાઠી), મંત્રી તરીકે જયંતિભાઈ મકવાણા (સાવરકુંડલા), સંજયભાઈ વેકરીયા (બગસરા), નટુભાઈ મસોસયા, હરેશભાઈ સંઘવી (પી.સી. સ્ટીલ), મનીષભાઈ રોકડ, વિરલભાઈ પોપટ, સહમંત્રી તરીકે ચંદ્રકાંતભાઈ ભરખડા (સાવરકુંડલા), જીજ્ઞેશભાઈ કેશુભાઈ સાવલીયા, રાજુભાઈ ખોરાણી (મીલન ટ્રાન્સપોર્ટ), ઉપેનભાઈ નાગ્રેચા, ભગીરથભાઈ સોઢા, દિપકભાઈ મહેતા (જનરલ મેડીકલ સ્ટોર), રમેશભાઈ બાબરીયા (વૃંદાવન ડેરી), લલીતભાઈ વણજારા.

સંગઠન મંત્રી તરીકે નરેન્દ્રભાઈ બાટવીયા, હરેશભાઈ ટાંક, કમલેશભાઈ ખખ્ખર, બિપીનભાઈ અરવિંદસિંહ રાઠોડ (ખાંભા), ભાવેશભાઈ લાડુમોર (વિજપડી), ગોપાલભાઈ રાજા, અર્થ અશ્વિનભાઇ પરીખ (સોની), કિરણભાઈ નગદીયા (ચલાલા). એડવાઈઝરી કમીટીમાં ડો. ભરતભાઈ કાનાબાર, ડો. ગજેરા, મહેશભાઈ નગદીયા, પંકજભાઈ કાનાબાર, ડો. પરમાર સાહેબ, મુકુંદભાઈ ગઢીયા, યોગેશભાઈ

### મંત્રી, સહમંત્રી, સંગઠન મંત્રી, એડવાઇઝરી કમીટી અને કારોબારી સભ્યોની પણ વરણી કરાઇ



ગણાત્રા, મનસુખભાઈ ઉઘાડ (રામ એન્ટરપ્રાઈઝ), સંજયભાઈ રામાણી, ડો. પિયુષભાઇ ગોસાઇ, ડો. દેસાણી સાહેબ, કાળુભાઈ ભંડેરી, ભુપતભાઈ મેતલીયા, ભાવેશભાઈ આડતીયા, મનસુખભાઈ (પટેલ ટાયર્સ), બાબુભાઈ બાબરીયા, જીતભાઈ દેસાઈ (નવનીત), સતીષભાઈ આડતીયા, જગદીશભાઈ સેલાણી, અશોકભાઈ અટારા, જીતુભાઈ ગોળ વાળા, જીતુભાઈ (અવની બેસન), બાલાભાઈ વઘાસીયા, સંજયભાઈ ચોકસી, ભાવેશભાઈ વસાણી, બકુલભાઈ પંડયા (એડવોકેટ), જે.આર. વાળા (એડવોકેટ), ચેતનભાઈ રાવળ (એડવોકેટ), પ્રફુલભાઈ બાટવીયા, અરૂણભાઈ ખખ્ખર (અમૃત), ડો. ભગીરથભાઈ વાળા, કાળુભાઈ રૈયાણી, લાલભાઈ ગઢીયા (આર.આર.ટી.) તેમજ કારોબારી સભ્ય તરીકે અશ્વિનભાઈ ગણાત્રા (ધરમશીભાઈ પોલાભાઈ), હસુભાઈ ખખ્ખર, ઘનશ્યામભાઈ કુંજડીયા, રોહિતભાઈ રૈયાણી, ધર્મેશભાઈ જોષી, સુરેશભાઈ રોકડ, ભાવેશભાઈ મશરૂ, અંકુરભાઈ સેદાણી, રાજુભાઈ રાજા, વિજયભાઈ ખુબચંદાણી, કાળુભાઈ અકબરી, સતેજભાઈ (ઉતમ ડેરી), સુનીલભાઈ વિઠલાણી, દિનેશભાઈ રાજા, લલીતભાઈ બોરડ, મલયભાઈ પટેલ, મનીષભાઈ વસાણી, હસનભાઈ (બુરહાની), હિતેષભાઈ પલાણ, ચેતનભાઈ મહેતા, કાંતિભાઈ ચતુરભાઈ રામાણી, કાળુભાઈ મોહનભાઈ, કૃણાલભાઈ (શ્રી કિશાન મોલ), પ્રફુલભાઈ દેસાઈ, વલ્લભ સોપારી, કમલેશભાઈ રાજા, દિનેશભાઈ (અવધ ડેરી), કાનાભાઈ ભટ્ટ, હકાભાઈ ગોહેલ, મનીષભાઈ ભાટીયા, રસીકભાઈ લીંબાણી (ખાંભા), વિનોદભાઈ મારૂ (ખાંભા), સંજયભાઈ જાદવ (ખાંભા), સામતભાઈ ભુંકણ (ખાંભા), હાતિમી ટ્રેડર્સ (બાબરા), વિશાલભાઈ

### જિલ્લાના જુદા-જુદા શહેરનાં વેપારીઓને પણ વિવિધ જવાબદારી સોંપાઈ

પ્રમોદખભાઈ રૂપારેલીયા (બાબરા), પુર્વેશભાઈ બાબુભાઈ જોગાણી (બાબરા), વિક્રમભાઈ બિપીનભાઈ સોની (કે.ડી. જવેલર્સ-બાબરા), રસીકભાઈ જોબનપુત્રા (લીલીયા), જીજ્ઞેશભાઈ સેદાણી (અમરેલી), પરેશભાઈ પારેખ, ધર્મેશભાઈ ઠકરાર, અશ્વિનભાઈ સોની, અશ્વિનભાઈ મીરાણી, અતુલભાઈ ખીમાણી, અતુલભાઈ સેજપાલ, પ્રદિપભાઈ ઉનડકટ, ચંદ્રેશભાઈ જીંજુવાડીયા, ચેતનભાઈ સેજપાલ, દિનેશભાઈ કંસારા, હિતેષભાઈ ઉનડકટ, ફાલ્ગુનભાઈ પારેખ, દર્શનભાઈ ખખ્ખર, જગદીશભાઈ નાગ્રેચા, આશિષભાઈ ગણાત્રા, જયદિપભાઈ માધવાણી, જીજ્ઞેશભાઈ સેદાણી, જીજ્ઞેશભાઈ મહેતા, કલ્પેશભાઈ ચચ્ચા, કમલેશભાઈ બારૈયા, કેતનભાઈ વિસાણી, કિશનભાઈ માધવાણી, જીજ્ઞેશભાઈ વસાણી, મુકેશભાઈ સોઢા, નવલભાઈ મકવાણા, નિખીલભાઈ મહેતા, નિલેશભાઈ સોની, નિતીનભાઈ ખખ્ખર, પરિમલભાઈ ઉનડકટ, કલ્પેશભાઈ કારીયા, રાહુલભાઈ ગઢીયા, રાજુભાઈ દીક્ષીત, રાજુભાઈ મશરૂ, રાજુભાઈ દોશી, મુકેશભાઈ કાત્રોડીયા, શ્યામલભાઈ ચાંદ્રાણી, સુધીરભાઈ નથવાણી, વિજયભાઈ સેલાણી, વિમલભાઈ ઉનડકટ, વિવેકભાઈ ખખ્ખર, નિવરભાઈ દીક્ષીત, ઘનશ્યામભાઈ કાનપરીયા, સુનીલભાઈ માધવાણી, પરેશભાઈ ખખ્ખર, નિલભાઈ પારેખ, અનીલભાઈ કાણકીયા, નીખીલભાઈ મહેતા, હરેશભાઈ ચીમનભાઈ ધાનાણી, રણજીતભાઈ ડેર, પ્રદિપભાઈ વૃજલાલ વસાણી, પ્રદિપભાઈ વિઠલભાઈ વસાણી, નરેશભાઈ કોરડીયા, દિપકભાઈ વઘાસીયા, ચેતનભાઈ (ખોડીયાર મોબાઈલ), રાજુભાઈ અકબરી, અશોકભાઈ, શ્રેયસભાઈ સાદરાણી, શરદભાઈ સાદરાણી, કાળુભાઈ રાજા, મહેશભાઈ કપટા, મનીષભાઈ મોરજરીયા, મનીષભાઈ, પ્રિતેષભાઈ માનસેતા, શ્યામભાઈ કે. સાદરાણી, મનોજભાઈ અકબરી (પટેલ ગારમેન્ટસ), પ્રાગજીભાઈ (ઉમૈયા વોચ કાું.), વિનોદરાય નગદીયા, મનીષભાઈ સાંગાણી (અક્ષર સેલ્સ), સતીષભાઈ કાનાણી, ભાવેશભાઈ ગજેરા, શૈલેષભાઈ (વર્ણી બેસન), રમેશભાઈ ધાનાણી, પિયુષભાઈ જાની, રાજેશભાઈ ચીમનભાઈ કારીયા, રમેશભાઈ, પંકજભાઈ સોની, તરૂણભાઈનો સમાવેશ થયેલ છે.

---

## વિભાગીય પોલીસ અધિકારીએ આગેવાનોની ખાત્રી આપી

# બગસરાનાં જુના ઝાંઝરીયા ગામનાં શિક્ષકની આત્મહત્યાનાં કેસમાં આરોપીઓને પકડી લેવાશે

### જુદી-જુદી ટીમની રચના કરવામાં આવી હોવાનું જણાવાયું

બગસરા, તા.૨૪, બગસરાના જુના ઝાંઝરીયા ગામના દલિત શિક્ષકની આત્મહત્યાને આવેદનપત્રમાં ૨૪ કલાકની અલ્ટીમેટ બાદ દલિત સમાજના આગેવાનો પોલીસ સ્ટેશન ખાતે ઘસી આવતા ડીવાયએસપી ભંડેરી દ્વારા મામલો શાંત પાડવામાં આવ્યો. બગસરા તાલુકાના જુના ઝાંઝરીયા ગામે પ્રાથમિક શાળાના શિક્ષક કાંતિભાઈ ચૌહાણ આત્મહત્યા કરી લેતા લોકોમાં અરરાટી વ્યાપી હતી અને દલિત સમાજમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો, દલિત સમાજ દ્વારા કાંતિભાઈનું મૃતદેહ પોલીસ સ્ટેશનને લાવી અને આરોપીને ઝડપી લેવાની માંગ કરી હતી ત્યારે પોલીસ દ્વારા માત્ર ગણતરીના કલાકમાં જ ગામના સરપંચ મુકેશભાઈ બોરીસાગરને ઝડપી લઈ અન્ય આરોપીને ઝડપી લેવાની તજવીજ હાથ ધરી હતી, ત્યારે અન્ય આરોપી ઓને પણ ઝડપી લેવા બગસરા મામલતદાર કચેરી ખાતે આવેદનપત્ર આપીને માંગણી કરી હતી કે હાલ અન્ય આરોપીઓ ફરાર હોય તે ઝડપાતા ન હોય તેને લઈ ૨૪ કલાકમાં ઝડપી લેવાનું અલટીમીટર આપ્યું હોય તેને લઈ દલિત



તસ્વીર : સમીર વિરાણી-બગસરા

સમાજના આગેવાનો પોલીસ સ્ટેશન ખાતે દોડી આવ્યા હતા, અને એસ્ટ્રોસિટી એકટ કાયદાના ડીવાયએસપી ભંડેરીને આ બાબતે રજૂઆત કરતા ડીવાયએસપીએ આગેવાનોને જણાવ્યું હતું કે હાલ પોલીસ વિભાગની અલગ અલગ ટીમો દ્વારા બાતમીના આધાર પર કામગીરી કરી રહ્યા છે અને ટૂંક સમયમાં જ આ લોકોને ઝડપી લેવામાં આવશે તેવી સમજૂતી કરતા દલિત સમાજના આગેવાનો એસપીનો આભાર માન્યો હતો અને વહેલી તકે આરોપીઓ ઝડપાઈ તેવી માંગ કરી હતી ત્યારે હાલ દલિત સમાજ દ્વારા ડોકટર બાબા સાહેબ આંબેડકરના સ્ટેચ્યુથી પોલીસ સ્ટેશન સુધીની રેલી પણ યોજવાના હતા પરંતુ બગસરા પોલીસ સ્ટેશન અને પોલીસ સ્ટાફ દ્વારા સમજૂતીના અંતે પોલીસ સ્ટેશન ખાતે પહોંચી અને ડીવાય એસપીની આ બાબતે રજૂઆત કરી આરોપીઓ વહેલી તકે ઝડપાય તેવી માંગ કરવામાં આવી હતી,

---

## બાબરાના પંચશીલ વિદ્યાલયમાં નવરાત્રીમાં વેલ ડ્રેસ વેલ દાંડિયા યોજાયા



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા.૨૪

બાબરામાં પંચશીલ વિદ્યાલયમાં નવરાત્રીના પાવન પર્વ પર વેલ ડ્રેસ વેલ દાંડિયા કાર્યક્રમ યોજાયો હતો જેમાં વિદ્યાલયમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.શાળાના ટ્રસ્ટી પ્રકાસભાઈ ગોલેતર, અરવિંદભાઈ ધોળકિયા, મહેશભાઈ કોરાટ દ્વારા તમામ વિદ્યાર્થીઓને ઈનામો આપી પ્રોત્સાહિત કર્યા હતા.

---

## ઉના ખાતે વિહિપ, બજરંગ દળ દ્વારા આતશબાજી સાથે રાવણ દહન કાર્યક્રમ યોજાયો

ઉના, તા. ૨૪

આદ્યશકિતની આરાધના ના મહાપર્વ નવલા નવરાત્રિ મહોત્સવનું સોમવારે સમાપન થયેલ હોય અને ગઈકાલે મંગળવારે વિજયાદશમીના મહાપર્વે ઉના દેલવાડા રોડ પર આવેલ શાહ એચ.ડી. હાઈસ્કુલ ગ્રાઉન્ડ ખાતે આતશબાજી સાથે આશૂરી શકિતનું દહન કરવામાં આવ્યું હતુ. આ સંદર્ભે વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળના આયોજકો દ્વારા છેલ્લા ઘણા સમયથી તડામાર તૈયારીઓ કરવામાં આવી હતી અને ગઈકાલ દશેરાના દિવસે રાવણ દહન કાર્યક્રમ યોજાયો હતો.

દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉના શહેરમાં દશેરાના પર્વની ઉજવણી કરવામાં આવી હતી. ઉના શહેરના શાહ એચ.ડી. હાઈસ્કુલ ખાતે દશેરાના પર્વે રાવણ દહનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં સંતો રાજકીય આગેવાનો દ્વારા ભારત માતાની આરતી કર્યા બાદ સંતો, રાજકીય આગેવાનો, સામાજિક આગેવાનો સહિતનાઓનું આયોજકો દ્વારા હાર પહેરાવી સન્માન કરવામાં આવ્યું હતુ ત્યાર બાદ નાની બાળાઓ દ્વારા શસ્ત્ર પૂજન કરી તલવાર બાજી કાર્યક્રમ યોજાયો હતો.

વ્યસનમુકિત બાબતે



તસ્વીર : ધર્મેશ જેઠવા-ઉના.

લોકોને માહિતગાર કરવામાં આવ્યા હતા ત્યાર બાદ ભવ્ય આતશબાજી સાથે રાવણના પૂતળાનું દહન કરવામાં આવ્યું હતુ. જેમાં ઉના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ, ચંદ્રેશ જોષી, મિતેષ શાહ, એડ. કમલ પડશાળા, ઉના પીઆઈ એન.કે. ગૌસ્વામી, એસઓજી પીઆઈ એ.બી. જાડેજા તેમજ વિશ્વ હિન્દુ પરિષદના રામજી પરમાર, ભાવેશ સાંખટ, યશવંત બાંભણિયા, નીપુલ શાહ, લાલજી બારૈયા, રવી બાંભણિયા, જયેશ આહીર, પાર્થ રૂપારેલ, ધર્મેન્દ્રગીરી ગોસાઇ સહિતનાઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

# હનુમાન ખીજડીયા ગામે પ્રાચીન રાસગરબાની રમઝટ બોલાવતી બાળાઓ






વડિયા હનુમાન ખીજડીયા ગામે નાની નાની બાળાઓ દ્વારા માતાજીની આરાધના કરી લોકોને મંત્રમુગ્ધ કરી અહીં રામજી મંદિર ચોક ખાતે છેલ્લા ઘણા વર્ષોથી જય ભવાની ગરબી મંડળ દ્વારા પ્રાચીન રાસ ગરબાનું આયોજન કરવામાં આવે છે ત્યારે નવલા નોરતાની રાતે નાની નાની બાળાઓએ ડાકલા રાસની રમઝટ બોલાવી હતી. લોકો મોટી સંખ્યામાં બહાર ગામથી અહીંયા નવરાત્રી મહોત્સવ અંતર્ગત રાસ ગરબાની રમઝટની હાળવા આવી રહ્યા છે.

## મહાકાળી ગરબી મંડળ દ્વારા દશેરાનાં પાવન દિવસે યુદ્ધ યોજાયું

# બાબરા : શ્રી રામનાં બાણથી લંકાપતિ રાવણનો વધ થયો

છેલ્લા ૧૨૫ વર્ષથી શહેરમાં રામ અને રાવણનાં યુદ્ધનું પરંપરાગત આયોજન થાય છે

હિન્દુ–મુસ્લિમ સહિત સૌ કોઈએ રામ–રાવણ વચ્ચે થયેલ યુદ્ધ નિહાળ્યું

ભગવાન શ્રીરામ સાથે વીર હનુમાનજી પણ જોડાતા આનંદ બેવડાયો

ભગવાન શ્રીરામનો વિજય થતાં ઉપસ્થિત સૌ કોઈએ જયશ્રી રામનો જયઘોષ બોલાવ્યો





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા





બાબરા, તા. ૨૪

બાબરામાં મોટા રામજી મંદિર ખાતે મહાકાળી ગરબી મંડળ દ્વારા વર્ષોથી વિજયાદશમીના દિવસે પરંપરાગત રીતે રામ–રાવણનાં યુદ્ધનું આયોજન કરવામાં આવે છે જે યુદ્ધને જોવા માટે બાબરા તાલુકાના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહે છે.

મહાકાળી ગરબી મંડળ દ્વારા આયોજિત રામ–રાવણ યુદ્ધમાં થતી આવક પંખીને ચણ સહિતની સેવાકીય પ્રવૃત્તિઓમાં ઉપયોગ કરવામાં આવે છે. અહીં સવારથી રામજી મંદિર ચોકમાં લોકોની ભીડ જામે છે. અહીં સવારે ભગવાન શ્રી રામ–લક્ષ્મણ અને સિતામાતા નગરયાત્રાએ નીકળે છે અને નગરજનો ભગવાનના દર્શન કરી ધન્યતા અનુભવે છે ભગવાનની સાથે હનુમાનજી પણ જોડાય છે. અહીં વેપારીઓ અને લોકો હનુમાનજીના હાથે એક ગદાનો પ્રહાર પ્રસાદી રૂપે સ્વીકારવા ભારે ઉત્સાહિત જોવા મળે છે તેમજ લોકોને જકડી રાખવા તેમજ આકર્ષણ ઉભુ કરવા બે લીંબડીના ચરિતો પણ લોકોમાં ભારે હાસ્ય ઉભુ કરે છે. હો હે હો હે હો હે ના નારા સાથે લીંબડીના પાત્રો લોકોની પાછળ દોડે છે અને લોકો ભાગે છે. લગભગ ત્રણ કલાકે ભગવાન શ્રી રામ નગરયાત્રા પૂર્ણ કરી રામજી મંદિર ચોકમાં પરત ફરતા યુદ્ધ જામે છે. લંકાપતિ રાવણ અને ભગવાન શ્રી રામની વચ્ચે યુદ્ધ જામે છે. અડધો કલાક સુધી જામતું યુદ્ધમાં રાવણનો વધ થતાં લોકો જય શ્રીરામનો જયઘોષ કરવા લાગે છે. ભગવાન શ્રી રામના જય ઘોષ સાથે વાતાવરણ ગુંજી ઉઠયું હતું.

### વ્હેલી સવારે બનેલી ઘટનાથી દોડધામ

## અમરેલીનાં ગાયત્રી મંદિર પાછળ રહેણાંક મકાનમાં આગ લાગી

ફાયર વિભાગે ગણતરીની મિનિટોમાં આગ બુઝાવી




અમરેલી, તા. ૨૪

અમરેલી ફાયર કંટ્રોલરૂમ ખાતે આજે સવારે ૫:૧૫ કલાકે ટેલીફોનિક જાણ કરવામાં આવેલ કે અમરેલી શહેરમાં આવેલ ચિતલ રોડ, ગાયત્રી મંદિરના પાછળના ભાગ પર આવેલ એક રહેણાંક મકાનમાં આગ લાગવાની ઘટના બનેલ હતી. તેના અનુસંધાને અમરેલી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસની ટીમ તાત્કાલિક ઘટના સ્થળ પર પહોંચી અને એક કલાકની મહા મહેનતે આગ પર કાબુ મેવ્યો હતો. જો કે સદનસીબે આ ઘટનામાં કોઈ પણ જાતની જાનહાની થવા પામેલ નથી. આ કામગીરીમાં ફાયર સ્ટાફ પ્રવિણભાઈ ચૌહાણ, કૃષ્ણભાઈ ઓળકિયાએ મુખ્ય કામગીરી કરી હતી.

### ઘણા સમયથી બીમારી પરેશાન કરતી હોય અંતિમવાટ પકડી

## અરેરાટી : બગસરાનાં સાપર ગામે નદીમાં ઝંપલાવી વૃદ્ધે આત્મહત્યા કરી લીધી

બનાવની જાણ થતાં સરપંચ અને ફાયર ટીમ પહોંચી




તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૪

બગસરા તાલુકાના સાપર ગામની બહાર આવેલ નદીમાં પડી હિંમતભાઈ મેરામભાઈ ચુંમકીયા નામના વૃદ્ધે માનસિક બીમારીથી

અનુસંધાન પાના ૬ ઉપર

### સાવરકુંડલા નજીક આવેલ

## ફીફાદ ગામનાં બે ઈસમો દ્વારા પરિણીતાને છરી બતાવી શરીર સબંધ બાંધ્યાની ફરિયાદ

કોઈને વાત કરીશ તો જાનથી મારી નાખવા ધમકી આપી

અમરેલી, તા. ૨૪


સાવરકુંડલા તાલુકાનાં ફીફાદ ગામે રહેતા આરોપી ઉમેશ પુનાભાઈ વાઘેલાએ એક પરિણીતાને બળજબ્બરીથી શરીર સબંધ બાંધી બળાત્કાર કર્યો હતો. જયારે બીજો આરોપી સલીમ બાબુભાઈ બિલખીયા નામનાં ઈસમે ભોગ બનનાર પરિણીતાને ધાક ધમકી આપી છરી બતાવી શરીર સબંધ બાંધવાની માંગણી કર્યાની ફરિયાદ ભોગ બનનાર પરિણીતાએ વંડા પોલીસમાં નોંધાવી છે.













*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)